RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 240 Dt. 14-03-2025 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT






# વાલીઓ આનંદો...

# RTE હેઠળ પ્રવેશની આવક મર્યાદા ૬ લાખ

## મુદ્ધત પણ વધારીને ૧૫ એપ્રિલ સુધી કરતા શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા

રાજકોટ મિરર, તા. ૧૫
મોંઘાદાટ શિક્ષણમા ન જોડાઈ શકનાર રાજયભરના ગરીબ તેમજ મદયમ વર્ગના વાલીઓ પોતપોતાના સંતાનોને રાઈટ ટૂ એજયુકેશન હેઠળ શાળાઓમાં પ્રવેશવા દોડતા હોય છે. પણ અત્યાર સુધી વાલીઓને વધુ આવકનો મુદ્દો નડતો હતો. હવે તે પણ સરકારે દૂર કરી દેતા હજારો વાલીઓ માટે સારા સમાચાર આવ્યા છે.

શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા દ્વારા ત્રણેક દિવસ પહેલા જ આરટીઈ હેઠળ પ્રવેશ માટેની વાલીઓની આવક મર્યાદા વધારી દીધી છે.

અત્યાર સુધી આરટીઈ એડમિશન માટે ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં ૧.૫૦ લાખની આવક મર્યાદા હતી.

જેમાંથી રૂ. ૬ લાખ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. એટલે કે, હવે ૬ લાખ રૂપિયા સુધીની આવક ધરાવનાર વાલીઓ પોતાના સંતાનોની આરટીઈ હેઠળ શાળાઓમાં અરજી કરી શકશે. હાલ આરટીઈ એડમિશનની પ્રક્રિયા ચાલતી હોવાથી સરકારે આવકમર્યાદા વધારવાના નિર્ણયની સાથે ઓનલાઈન અરજી કરવાની મુદતમાં પણ વધારો કર્યો છે. વાલીઓ હવે ૧૫ એપ્રિલ સુધી ઓનલાઈન અરજી કરી શકશે.


શિક્ષણ મંત્રીએ ત્રણ દિવસ પહેલા જ આવકમર્યાદા વધારવાનો સંકેત આપ્યો હતો. ત્રણ દિવસ પહેલા સુરતમાં કહ્યું હતું કે, આરટીઈમાં આવકની વિસંગતતા હતી. અન્ય બધી બાબતમાં ૬ લાખની આવક મર્યાદા આપવા ગંભીર વિચારણા ચાલુ છે. આવકના સુધારા માટે થોડો સમય આપીએ જેથી વધારાની આવકવાળા પણ તેનો લાભ લઈ શકે. અંદાજે ૧૦ દિવસનો વધારાનો સમય આપવાની વિચારણા છે.

આરટીઈમાં આ વર્ષે કુલ ૯૩,૫૨૭ સીટ પર એડમિશન અપાશે ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ અલગ અલગ જિલ્લાઓમાં આવેલી ખાનગી શાળાઓમાં કુલ ૯૩ હજારથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે.

અમદાવાદ શહેરમાં ૧૪,૭૭૮ અને જિલ્લામાં ૨,૨૬૨ બેઠક પર પ્રવેશ અપાશે.

સુરતમાં ૯૯૪ શાળાઓમા૧૫,૨૨૯ બેઠકો અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૮૮ શાળાઓમા ૩,૯૧૩ બેઠકો ઉપલબ્ધ રહેશે.ગત વર્ષે સુરત શહેરમાં ૧૨ હજાર અને ગ્રામ્ય વિસ્તારમાં ૪ હજારથી વધુ બેઠકો હતી.

વડોદરામાં આરટીઈ હેઠળ કુલ ૩૩૩ શાળાઓમાં ૪,૮૦૦ બેઠકો પર પ્રવેશ આપવામા આવશે. ગત વર્ષ કરતા ૧૫૦૦બેઠકોનો વધારો થયો છે. રાજકોટ શહેર અને જિલ્લામાં વર્ષ આ વર્ષે ૯૨૧ ખાનગી શાળાઓમાં ૬,૬૪૦ વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં એડમિશન મેળવી શકશે. ૨૦૨૪માં કુલ ૮૦૪ ખાનગી શાળાઓમા ૪,૪૮૭ બેઠક પર જ રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ વિદ્યાર્થીઓના પ્રવેશ અપાયા હતા.



**રાજકોટ શહેર -જિલ્લામાં વર્ષ આ વર્ષે ૯૨૧ ખાનગી શાળાઓમાં ૬,૬૪૦ વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓમાં એડમિશન મેળવી શકશે**



### RTEમાં કઈ કઈ કેટેગરીમાં બાળકોને અપાશે પ્રવેશ ?

આરટીઈમાં સરકારે વિવિધ કેટેગરીના બાળકોને પ્રવેશ માટેનો અગ્રતાક્રમ નક્કી કર્યો છે. જેમાં અનાથ બાળક, સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક, બાલગૃહનાં બાળકો, બાળમજુર/સ્થળંતરીત મજૂરનાં બાળકો, મંદ બુદ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંક અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪(૧)માં દર્શાવ્યા મુજબનાં તમામ દિવ્યાંગ બાળક, (ART) એન્ટિ-રેટ્રોવાયરલ થેરેપીની સારવાર લેતા બાળકો, ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધ લશ્કરી/પોલિસદળનાં જવાનનાં બાળકો, જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દીકરી, રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો, ૦ થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરી (SC, ST, SEBC, જનરલ તથા અન્ય)ના BPL કુંટુંબના બાળકો, અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના બાળકો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / અન્ય પછાત વર્ગ / વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો, જનરલ કેટેગરી/ બિન અનામત વર્ગના બાળકોનો સમાવેશ થાય છે.

# આસામની કોંગ્રેસ સરકારે મારા પર વરસાવ્યા'તા ડંડા : અમિત શાહ


## ઈન્દિરા ગાંધી વિરુદ્ધ સુત્રોચ્ચાર કર્યો ત્યારે ધકેલાયો'તો જેલમાં, ૭ દિવસ જેલના રોટલા ખાધા : આસામના જોરહાટમાં નવા પોલીસ એકેડેમીના ઉદઘાટન કરતી વખતે અમિત શાહના કોંગ્રેસને ચાબખા

નવી દિલ્હી, તા.૧૫
આસામના જોરહાટમાં નવીનીકૃત પોલીસ એકેડેમીના પ્રથમ તબક્કાનું ઉદઘાટન કરતી વખતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કોંગ્રેસ પર ચાબખાં વરસાવ્યા હતા. તેઓએ પોલીસ એકેડમીનું નામ ''લાચિત બરફૂકન'' રાખવા બદલ મુખ્યમંત્રી હેમંતનો આભાર માન્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે ૨૦૧૬માં ભાજપ સરકાર બનતા પહેલા કોંગ્રેસે આસામને રમખાણોની આગમાં ધકેલી દીધું હતું. મને પણ આસામની કોંગ્રેસ સરકાર દ્વારા માર મારવામાં આવ્યો હતો. હિતેશ્વર સૈકિયા આસામના મુખ્યમંત્રી હતા અને અમે ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સામે સૂત્રોચ્ચાર કરતા હતા.

શાહે સંબોધન કરતા કહ્યું હતું કે હું વિદ્યાર્થી કાળથી જ આસામમી મુલાકાત લેતો રહ્યો છું. આસામની કોંગ્રેસ સરકારે મારા પર ડંડા વરસાવ્યા હતા.

આસામને બચાવવા માટે અમે આસામમાં ''ઈન્દિરા ગાંધી ખુની હૈ'' ના નારા લગાવ્યા હતા. આસમની જનતાનો અવાજ ઉઠાવવા બદલ આસામની કોંગ્રેસ સરકારે મને ૭ દિવસ જેલમાં ધકેલી દીધો હતો. મેં ૭ દિવસ સુધી જેલમાં રોટલા ખાધા હતા.






આજે આસામ વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે.

શાહે શનિવારે આસામના જોરહાટમાં નવીનીકૃત પોલીસ એકેડેમીના પ્રથમ તબક્કાનું ઉદઘાટન કરતી વખતે આ વાત કહી હતી.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે લાચિત બરફૂકન પોલીસ એકેડેમી આગામી પાંચ વર્ષમાં દેશની શ્રેષ્ઠ પોલીસ એકેડેમી બનશે. આ એકેડેમીનું નામ આહોમ સામ્રાજ્યના સેનાપતિ લાચિત બરફૂકનના નામ પર રાખવા બદલ હું આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાનો આભાર માનું છું.

બહાદુર યોદ્ધા લાચિત બરફૂકને આસામને મુઘલો સામે વિજય મેળવવામાં મદદ કરી હતી.

# વડાપ્રધાન એપ્રિલના પ્રારંભમાં શ્રીલંકાની મુલાકાતે



## શ્રીલંકા સરકાર સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ પર કરશે ચર્ચા કરશે : માછીમારોના વિવાદો, વેપાર સંબંધો, સુરક્ષા સહયોગ અને પ્રાદેશિક સહયોગ જેવા મુદ્દાઓ ઉપરાંત સૌર ઉર્જા પ્લાન્ટનું કરશે ઉદઘાટન

નવી દિલ્હી, તા.૧૫
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતા મહિનાની શરૂઆતમાં એટલે કે એપ્રિલમાં શ્રીલંકાની સત્તાવાર મુલાકાત લેશે. બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા, દ્વિપક્ષીય સહયોગ વધારવા અને મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાના સંદર્ભમાં પીએમની આ મુલાકાતને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ મુલાકાત દરમિયાન, પીએમ મોદી શ્રીલંકા સરકાર સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરશે. જેમાં માછીમારોના વિવાદો, વેપાર સંબંધો, સુરક્ષા સહયોગ અને પ્રાદેશિક સહયોગ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતા મહિનાની શરૂઆતમાં એટલે કે એપ્રિલમાં શ્રીલંકાની સત્તાવાર મુલાકાત લેશે. બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા, દ્વિપક્ષીય સહયોગ વધારવા અને મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાના સંદર્ભમાં પીએમની આ મુલાકાતને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ મુલાકાત દરમિયાન, પીએમ મોદી શ્રીલંકા સરકાર સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરશે. ગયા વર્ષે શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે ભારતની મુલાકાત લીધી હતી. આ સમયગાળા દરમિયાન ઘણા કરારો થયા. આ કરારોને અંતિમ સ્વરૂપ આપવા માટે પીએમ મોદી શ્રીલંકાની મુલાકાત લેશે. ૨૦૧૫ પછી પ્રધાનમંત્રી મોદીની શ્રીલંકાની આ ચોથી મુલાકાત હશે.

શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથે અહીં સંસદમાં બજેટ ફાળવણી પરની ચર્ચા પરના પ્રશ્નના જવાબમાં આ નિવેદન આપ્યું હતું.હેરાથે કહ્યું, 'અમે અમારા પાડોશી દેશ ભારત સાથે ગાઢ સંબંધો જાળવી રાખ્યા છે. અમારી પહેલી રાજદ્વારી મુલાકાત ભારતની હતી, જ્યાં અમે દ્વિપક્ષીય સહયોગ પર અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા. તેમણે કહ્યું કે ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી એપ્રિલની શરૂઆતમાં શ્રીલંકાની મુલાકાત લેશે. વિદેશ મંત્રીએ એમ પણ કહ્યું કે, સંપુર સોલાર પાવર સ્ટેશનના ઉદઘાટન ઉપરાંત, પીએમ મોદીની મુલાકાત દરમિયાન ઘણા નવા એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવશે. રાજ્ય માલિકીની વીજ ઉપયોગિતા સિલોન ઈલેક્ટ્રિસિટી બોર્ડ અને ભારતના એનટીપીસી પૂર્વીય ત્રિંકોમાલી જિલ્લાના સંપુર શહેરમાં ૧૩૫ મેગાવોટનો સૌર ઉર્જા પ્લાન્ટ બનાવવા માટે સંમત થયા છે. જેનું ઉદઘાટન થશે. વિદેશ મંત્રીએ કહ્યું કે અમે કોઈનો પક્ષ લીધા વિના અમારી વિદેશ નીતિમાં તટસ્થ રહીશું અને રાષ્ટ્રીય હિત જાળવવા માટે કામ કરીશું. શ્રીલંકા ભારતનો એક મહત્વપૂર્ણ પાડોશી અને વ્યૂહાત્મક ભાગીદાર છે. પીએમ મોદીની આ મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને નવી દિશા આપશે, ખાસ કરીને જ્યારે બંને દેશો વચ્ચે આર્થિક અને રાજકીય સહયોગને મજબૂત બનાવવાની જરૂર છે.

હત્યા તો નહોતી જ, તરઘડીયા પાસેની એ ઘટના હિટ એન્ડ રનની જ હતીઃ પુરાવા સાથે પોલીસે સત્ય શોધ્યું

# ગોંડલના ગૂમ યુવાન રાજકુમારને બસવાળો ઉલાળી ગયો'તો

**શહેર એસઓજીની ટીમે ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શનમાં તપાસ શરૂ કરીઃ ૧૫૦ કેમેરા ચેક કર્યા, વાહનચાલકોની પુછતાછ કરી અને પગેરૂ છેક જુનાગઢ સુધી નીકળ્યુંઃ મહાસાગર ટ્રાવેલ્સનો જુનાગઢનો ડ્રાઇવર એ યુવાનને ઠોકરે લઇ મોત નિપજાવી ભાગી ગયો હતોઃ બસમાં ઘોબો પડ્યો હોઇ રોઝડુ ભટકાયાનું શેઠને કહી દીધુ હતુંઃ પીઆઇ સંજયસિંહ જાડેજા અને ટીમોએ ભેદ ખોલ્યો**





રાજકોટઃ ગોંડલના બહુચર્ચીત બની ગયેલા રાજકુમાર જાટ નામના યુવાનના મૃત્યુના મામલે અંતે રાજકોટ શહેર પોલીસે ભેદ ઉકેલ્યો હતો. ગોંડલના ગાયત્રીનગરમાં રહેતાં પાઉભાજીના ધંધાર્થી રતનલાલ ચૌધરીનો બાવીસ વર્ષનો પુત્ર રાજકુમાર જાટ તા. ૨/૩ના રાતે ગૂમ થયા બાદ શોધખોળ પછી તા. ૬/૩ના રોજ તેના પિતા રતનલાલે ગોંડલ પોલીસમાં ગૂમ થયાની નોંધ કરાવી હતી. એ દરમિયાન કુવાડવાના તરઘડીયા પાસે તા. ૪ના વહેલી સવારે એક યુવાન ઘાયલ મળ્યા બાદ સિવિલ હોસ્પિટલમાં મૃત જાહેર કરાયો હતો. હિટ એન્ડ રનમાં તેનુ મૃત્યુ થયાની શંકાએ ઓળખ મેળવવા તપાસ શરૂ થઇ હતી. એ દરમિયાન આ લાશ ગોંડલથી ગૂમ થયેલા રાજકુમાર જાટની હોવાનું તા. ૯/૩ના રોજ સ્પષ્ટ થયુ હતું. જો કે આ બનાવ આકસ્મીક મૃત્યુનો નહિ પણ હત્યાનો હોવાનું મૃતકના પિતાએ જણાવી સીબીઆઇ તપાસની માંગણી કરી હતી. પરંતુ પહેલેથી જ હિટ એન્ડ રનનો જણાતી શંકા સાચી ઠરી હતી. આ યુવાનને એ રાતે મહાસાગર ટ્રાવેલ્સની બસનો ચાલક બસની ઠોકરે લઇ મોત નિપજાવી ભાગી ગયાનું ખુલતાં તેને પકડી લેવાયો હતો.

તરઘડીયાથી મળેલી લાશ ગૂમ થયેલા રાજકુમાર જાટની જ હોવાનું ખુલતાં જે તે વખતે મૃતકના પિતા રતનલાલે આ બનાવ અકસ્માતનો નહિ હત્યાનો હોવાના આક્ષેપો કરી સતત રજૂઆતો કરી હતી. ગોંડલમાં પુર્વ ધારાસભ્યના ઘર પાસે તેની સાથે મારકુટ થયાના આક્ષેપો પણ થયા હતાં. પડકારરૂપ બની ગયેલી આ ઘટનાનો રાજકોટ શહેર એસઓજીએ રાત દિવસ એક કરી ભેદ ઉકેલ્યો છે. આ ઘટના હિટ એન્ડ રનની જ હોવાનું ખુલતાં તેને ઠોકરે લઇ મોત નિપજાવી ભાગી ગયેલા જુનાગઢના ખાનગી બસના ડ્રાઇવર ૬૧ વર્ષના રાજેશ બીજલભાઇ મેર (રહે. ખોડિયાર મંદિર પાસે હેમવન સોસાયટી જુનાગઢ)ની ધરપકડ કરી તેની પુછતાછ કરવામાં આવતાં તેણે સમગ્ર ઘટના કઇ રીતે બની તેની વિગતો જણાવી હતી. આ મામલે ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલે વિગતો આપતાં જણાવ્યું હતું કે આ બનાવની ગંભીરતાને ધ્યાને લઇ અલગ અલગ ટીમોની રચના કરવામાં આવી હતી. એસઓજી, કુવાડવા રોડ પોલીસ, એલસીબી ઝોન-૧ની ટીમો કામે લાગી હતી.

ડો. ગોહિલે આગળ કહ્યું કે ઘટના સ્થળથી લઇ બંને તરફ આસપાસના સ્થળોએ કુલ ૧૫૦ સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરાયા હતાં. હોટેલ, ધાબા, રેસ્ટોરન્ટ, ધાર્મિક જગ્યાએ તપાસ કરાઇ હતી. તપાસ દરમિયાન ઘટના એક ડમ્પર ચાલક મળી આવ્યો હતો જેણે રાતે ૨:૩૩ કલાકે ડેડબોડી જોયાનું કહેતાં તેના આધારે આ સમય પહેલા અને પછી કેટલા વાહનો નીકળ્યા તેની તપાસ થતાં કાર, ડમ્પર, બસ સહિત ૧૨થી વધુ મોટા મળી કુલ ૪૬ વાહનો આ સ્થળેથી પસાર થયાની માહિતી મળી હતી. એ દરમિયાન મહાસાગર ટ્રાવેલ્સની બસ નં. જીજે૧૪ઝેડ-૩૧૩૧ શંકાની રડારમાં આવતાં એ બસ અંગે તપાસ કરતાં આગળના ગાર્ડ પર અકસ્માત સર્જાયો હોય તેવા ચિહ્નો મળી આવતાં આ બસના ચાલક રમેશ બીજલભાઇ મેર ( જુનાગઢ) હોવાનું ખુલતાં તેને અને સાથે ક્લીનરને ઉઠાવી લઇ પુછતાછ કરાતાં પહેલા તો ડ્રાઇવરે રોજડુ અથડાયાની વાત કરી હતી.

પણ બાદમાં સાચી વાત કબુલી હતી કે મૃતક યુવાન રોડની વચ્ચોવચ્ચ ચાલીને જતો હોઇ તે પોતાને ન દેખાતાં ભુલથી અકસ્માત સર્જાઇ ગયો હતો. આ વખત બસમાં ઉલાળો આવતાં મુસાફરો પણ જાગી જતાં બમ્પ હોવાનું જણાવી દેવાયુ હતું. આસપાસ બીજા વાહનો ન દેખાતાં અને પોતે ગભરાઇ ગયો હોઇ બસ ભગાવી મુકી આગળ જઇ ક્લીનરને અકસ્માતની વાત કરી હતી.

એ પછી બંનેએ અમદાવાદ પહોંચી શેઠને ફોન કરી બસમાં રોઝડુ આવી ગયાની વાત કરી હતી. પોતે ગભરાઇ ગયો હોવાથી શેઠથી પણ સાચી વાત છુપાવી રાખી હતી. આ ઘટના મામલે કુવાડવા પોલીસમાં અગાઉથી જ હિટ એન્ડ રનનો ગુનો દાખલ કરાયો હતો. આ ગુનામાં મહાસાગર ટ્રાવેલ્સની બસના ચાલક રાજેશ મેરની ધરપકડ કરવામાં આવી છે.

આમ આ ઘટના માત્ર અને માત્ર વાહન અકસ્માત-હિટ એન્ડ રનની જ હોવાનું સ્પષ્ટ થઇ ગયું હતું.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ભરત બી. બસીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાના મર્ગાદર્શનમાં એસઓજી પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા, પીઆઇ એન. વી. હરિયાણી, કુવાડવા પીઆઇ બી. પી. રજયા, એલસીબી ઝોન-૧ પીએસઆઇ બી. વી. ચુડાસમા, કુવાડવા પીએસઆઇ એમ. જે. વરૂ, જુનાગઢ એલસીબી પીએસઆઇ ડી. કે. ઝાલા, રાજકોટ એસઓજી એએસઆઇ ફિરોઝભાઇ શેખ, રાજેશભાઇ બાળા, કુવાડવા એએસઆઇ ખોડુભા જાડેજા, પ્રવિણભાઇ મકવાણા, હેડકોન્સ. વિક્રમભાઇ ગરચર, ધર્મેન્દ્રસિંહ દિલાવરસિંહ, સત્યજીતસિંહ ઝાલા, કોન્સ. કિશોભાઇ ઘૂઘલ, યોગરાજસિંહ ગોહિલ, મુકેશભાઇ ડાંગર, ગોપાલભાઇ, અર્જુનભાઇ, અનોપસિંહ, રવિરાજસિંહ, ભાવેશભાઇ મકવાણા, જયદિપભાઇ, કિશોરભાઇ, જયપાલભાઇ, વિશાલભાઇ, ભરતભા, જુનાગઢ એલસીબી ટીમે આ કામગીરી કરી હતી. રાજકોટ મિરરે અગાઉ પણ આ ઘટના હિટ એન્ડ રનની જ હોવાનું અને પોલીસે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાંખ્યાની સ્પટષ્તા કરી હતી. હવે પોલીસે પુરાવા સાથે આ ઘટનાનો ભેદ ઉકેલ્યો છે.

# વેરા વસુલાત વિભાગના તીખા તેવર

## સાતમ મિલકતને સીલ કરી ૪૭.૧૦ લાખ રૂપિયાની કરી રિકવરી : કુલ રિકવરી ૩૮૭ કરોડને પાર



રાજકોટ, તા. ૧૫

માર્ચ એન્ડિંગ જેમ જેમ નજીક આવી રહ્યું છે તેમ તેમ વેરા વસુલાત વિભાગની કામગીરી પણ તીવ્રવેગથી ચાલી રહી છે ત્યારે ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરની સૂચનાથી વિભાગ દ્વારા રિકવરી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં ગઈકાલે કુલ સાત મિલકતોને સીલ કરવામાં આવી જ્યારે ૧૮ મિલકતો માંથી આશરે ૪૭.૧૦ લાખ રૂપિયાની રિકવરી થઈ હોવાનું પણ માલુમ પડ્યું છે. મહત્વનું એ છે કે ગઈકાલે વોર્ડ નંબર ત્રણમાં વેરાવત વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી જેમાં ગાયકવાડી માં આવેલી ડેરી ફ્રેશ આઈસ્ક્રીમ પાસેથી ૨.૧૨ લાખ રિકવર કરવામાં આવ્યા હતા. જ્યારે ઈશ્વરીયા સુપર નજીક દેવ તીર્થ પાર્ક માં મિલકતને સીલ કરવામાં આવી તો સાધુ વાંચવાની રોડ પર આવેલા અમૃતચોક નજીકમાં કોમ્પ્લેક્સ માં પણ મિલકતને સીલ કરવામાં આવી હતી

જ્યારે સાધુવાસવાણી કુંજ રોડ પર શિવાલય ચોક નજીક ભગવતીનગરમાં શ્રી આશીર્વાદ સ્કૂલ સામે સીલની કાર્યવાહી કરતા ૧.૭૫ લાખ રૂપિયાની રિકવરી થઈ. બીજી તરફ કુવાડવા રોડ મારુતિ નગરમાં કૈલાશ વિજય સ્વીટ માર્ટ સામે સીલની કાર્યવાહી કરાતા ૫૦,૨૦૦ રૂપિયાની રિકવરી થઈ છે.

વાત કરવામાં આવે વોર્ડ નંબર સાતની તો ભક્તિનગર સ્ટેશન પ્લોટ નજીક આવેલી શેરી નંબર ૧૮ પાસે ગગન ટ્રાન્સપોર્ટ સામે સીલની કાર્યવાહી કરાતા ૧.૬૩ લાખની રિકવરી થઈ તો આશાપુરા મેઈન રોડ પર જાનકી કોમ્પ્લેક્સ માં મિલકતને સીલ કરવામાં આવી હતી. આશાપુરા મેઈન રોડ પર જાનકી કોમ્પ્લેક્સ માં જ અન્ય મિલકતને સીલ કરવા જતા ૬૦ હજાર રૂપિયાની રિકવરી થઈ.

જ્યારે કરણપરા ચોક નજીક સદગુરુ દેવ કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં આવેલી મિલકતને સીલ કરવામાં આવી હતી તો આશાપુરા મંદિર નજીક ડાંગરવાલા ટાવર્સ માં પણ રિકવરી આશરે ૪૯૦૦૦ રૂપિયાની થઈ.

તો બીજી તરફ ગુર્જરી બજાર નજીક સિયા માર્કેટ ગ્રાઉન્ડ ફ્લોરની મિલકતને સીલ કરવામાં આવી તો દિવાનપરા વિસ્તારમાં મુનાર્ક કોમ્પલેક્ષમાં આવેલી મિલકતને સીલ કરવામાં આવી ત્યારે અન્ય એક મિલકત પાસેથી ૬૦૪૯૩ રૂપિયા ની રિકવરી થઈ.

વોર્ડ નંબર ૧૩ ની જો વાત કરવામાં આવે તો રામનગર શેરી નંબર ૪ માં આવેલી એક મિલકતને રિકવરી પેટે ૭૯ હજાર રૂપિયા મહાનગરપાલિકાને મળ્યા હતા જ્યારે મનસત્તા ઈન્ડસ્ટ્રીયલ એરિયા નજીક લક્ષ્મી એન્જિનિયરિંગ સામે આવેલી મિલકતને સીલની કાર્યવાહી કરાતા ૭૪ હજાર રૂપિયાની રિકવરી થઈ તો બીજી તરફ ગોંડલ રોડ પર આવેલા કન્યા છાત્રાલય પાછળ ક્રિષ્ના ડોર લેમીનેટ સામેની મિલકતને પણ સીલ કરવા જતા ૬૮,૦૦૦ ની રિકવરી થઈ હતી જ્યારે સોમનાથ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં મિલકતમાંથી ૧.૨ લાખની રિકવરી થઈ.

જ્યારે ૧૦-સમ્રાટ ઈન્ડ એરિયામાં ગજાનંદ ટ્રાન્સપોર્ટ નજીક ૧-યુનિટની સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૧૬ લાખની થઈ એવીજરીતે જકાતનાકા નજીક ખોડીયારનગરમાં મધુવન સ્કુલ નજીક ૧-યુનિટની સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૫૦ લાખ થઈ.

વોર્ડ નંબર ૧૮ માં કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં ધ્વનિ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં મીરા પાપડ નજીક યુનિટ ને સીલ કરવાની વાત આવતા જ ૫૫૦૦૦ હજાર રૂપિયાની રિકવરી થઈ હતી.

એવી જ રીતે કોઠારીયા વિસ્તારમાં આવેલા સરસ્વતી સ્કૂલ નજીક જલારામ કરિયાણા ભંડારને પણ સીલ કરવામાં આવ્યો હતો તો અમૃત ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં જગત ઈન્ડસ્ટ્રીઝ સામે ૬૫,૦૦૦ ની રિકવરી થઈ તો બાલાજી ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં એક યુનિટ સામે ૭૮,૭૦૦ ની રિકવરી થઈ. કુલ રિકવરી જે ચાલી રહી છે તે આંકડો ૩૮૭.૫૪ કરોડ પહોંચ્યો છે.

આત્મહત્યાની કેટલીક ઘટનાઓ એવી હોય છે જેમાં રહી રહીને કારણ આવે છે સામે

# લોઠડાના યુવાને ગામના બે જણાની ધમકીને લીધે જીવ દીધો'તો

**વીસ દિવસ પહેલા પોતાના પેટમાં છરીના ઘા ભોંકી મોત મેળવનાર દિનેશના પિતાની ફરિયાદ પરથી અશોક અને અજય વિરૂધ્ધ આજીડેમ પોલીસે દાખલ કરી એફઆઇઆર**





**દિનેશે અશોકનું કામ કરતો હોઇ અજય તેને કામ મુકી પોતાની સાથે આવવા દબાણ કરતો હતોઃ અશોકનું કામ મુકી દેતાં અશોકે ઘરે આવી ધમકી દીધી હતીઃ અંતે દિનેશે આપઘાત કર્યો હતો**

રાજકોટઃ આપઘાતની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. પરંતુ અમુક બનાવોમાં દિવસો સુધી જે તે માણસ શા માટે ફાની દુનિયા છોડી ગયો તેનું કારણ સામે આવતું હોતુ નથી. આવી જ એક ઘટના રાજકોટના સરધાર નજીકના લોઠડા ગામે વીસેક દિવસ પહેલા બની હતી. જેમાં લોઠડામાં રહેતાં દિનેશ નામના યુવાને પોતાના ઘરે જાતે પેટમાં છરીના ઘા મારી લેતાં સારવાર દરમિયાન મોત થયું હતું. જે તે વખતે આ ઘટનામાં કારણ બહાર આવ્યું નહોતું. પણ બાદમાં એવી વિગતો ખુલી હતી કે આ યુવાનને તેના ગામના જ બે શખ્સોએ પોતાની સાથે કામ કરવા કેમ નથી આવતો? નહિ આવે તો મારી નાખશું તેવી ધમકીઓ આપી હોઇ આ કારણે તે મરી જવા મજબૂર થયાનું ખુલતાં આજીડેમ પોલીસે આ બંને સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી ધરપકડ કરવા તજવીજ કરી હતી.

ચોંકાવનારી આ ઘટનાની વિગતો જોઇએ તો આજીડેમ પોલીસે આપઘાત કરનારા ત્રીસ વર્ષના દિનેશ ભનુભાઇ મેટાળીયાના પિતા લોઠડા ગામે વડાલીયા કંપની પાછળ રહેતાં અને છુટક મજૂરી કરી ગુજરાન ચલાવતાં ચોપન વર્ષના ભનુભાઇ ભીખાભાઇ મેટાળીયાની ફરિયાદ પરથી લોઠડા ગામના અશોક કાનાભાઇ મકવાણા અને અજય જેરામભાઇ મેણીયા વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૦૮, ૩૫૧ (૩), ૫૪ મુજબ ત્રાસ આપી, ધમકી આપી મરી જવાની દુષ્પ્રેરણા આપતાં દિનેશભાઇ પોતાની જાતે પોતાના પેટમાં છરીના ઘા મારી આપઘાત કરી લીધાનો ગુનો દાખલ કર્યો હતો. ભનુભાઇ મેટાળીયાએ જણાવ્યું છે કે મારે સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. જેમાં દિનેશ મોટો હતો. તેના લગ્ન વાદીપરા ગામે અમારી જ્ઞાતિમાં થયા હતાં. સંતાનાં એક દિકરો અને એક દિકરી છે. જો કે એક વર્ષ પહેલા દિનેશના છુટાછેડા થઇ ગયા હતાં.

તેમણે વધુમાં કહ્યું હતું કે મારા દિકરા દિનેશે ગત તા. ૨૪/૨/૨૫ના રોજ ઘરે પોતાીન જાતે પેટમાં છરી મારી લેતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવાર દરમિયાન તેનું તા. ૧/૩ના રોજ મૃત્યુ થયું હતું. ૨૩/૨ના રોજ હું અને મારા પત્નિ લાભુ, દિકરો દિનેશ ઘરે હતાં. બપોરે બે વાગ્યે અમારે શેરીમાં રહેતો અશોક મકવાણા અમારા ઘરે આવ્યો હતો અને મારા દિકરા દિનેશને કહેલુ કે તું કેમ મારે ત્યાં કામે આવતો નથી. જેથી દિનેશે કહેલુ કે મારી તબિયત સારી નથી એટલે નથી આવતો. આ પછી અશોકે મારા દિકરાને તું બહાર આવ તારુ કામ છે તેમ કહેતાં મારો દિકરો સાથે ગયો હતો. બે કલાક પછી તે ઘરે આવ્યો ત્યારે ખુબ ગભરાયેલો હતો અને રૂમમાં જઇ સુઇ ગયો હતો. મોડી રાતે તે રાડારાડી કરતો હતો અને બોલતો હતો કે મને અશોકભાઇ અને અજય મેણીયા જીવવા નહિ દે, મને મારી નાખશે. આ પછી મેં તેને આશ્વાસન આપી શાંત પાડી સુવડાવી દીધો હતો.

બીજા દિવસે ૨૪મીએ સવારે સાડા નવેક વાગ્યે ફરી તે રૂમમાં રાડારાડી કરવા માડતા હું અને મારી પત્નિ રૂમમાં જતાં મારા દિકરાએ માતાજીના મંદિરમાં રાખેલી છરી ઉપાડી પોતાના પેટમાં ચાર-પાંચ ઘા મારી દીધા હતાં. તેને લોહી નીકળતું હતું ત્યારે પણ બોલતો હતો કે અશોક અને અજય મને મારી નાખશે, એટલે મેં જાતે જ છરી મારી લીધી છે. આ દરમિયાન આસપાસથી માણસો ભેગા થઇ ગયા હતાં અને કોઇએ ૧૦૮ બોલાવતાં અમે દિનેશને સિવિલ હોસ્પિટલમાં લઇ ગયા હતાં. મારો દિકરો દાખલ હતો ત્યારે મને કહેલુ કે અશોકને ત્યાં હું અને પ્રવિણ પરમાર મજુરી કરતાં હતાં. ત્યારે અજય મેણીયા ધમકી દેતો હતો કે તમે બંને મારે ત્યાં મજુરી કામે આવતા જાવ, નહિતર જીવતા નહિ રહેવા દઉ. આથી એ પછી અજયએ ૧૫/૨ના રોજ પ્રવિણને છરી બતાવી મારકુટ પણ કરી હતી.

મારા દિકરાએ વધુમાં કહેલું કે અજય મને પણ મારશે તેવી બીક લાગતાં મેં અશોકને ત્યાં મજુરી કામે જવાનું બંધ કરી દીધુ હતું. આથી અશોક પણ ધમકી આપતો હતો કે તું અજય મેણીયાને ત્યાં મજુરી કામે જઇશ તો હું તને મારી નાખીશ. આ બંનેના ત્રાસથી કંટાળીને મેં મારી જાતે છરીના ઘા માર્યા છે. તેમ દિનેશે સારવારમાં દાખલ હતો ત્યારે મને કહ્યું હતું.

ડોક્ટરે ઓપરેશન કર્યુ હતું. પરંતુ તા.૧/૩ના રોજ મારા દિકરા દિનેશનું મોત થયું હતું. તેણે અશોક અને અજયના ત્રાસને કંટાળી આપઘાત કર્યો હોઇ અંતિમવિધી બાદ મેં ફરિયાદ કરી હતી. તેમ વધુમાં ભનુભાઇ મેટાળીયાએ જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શનમાં પીએસઆઇ આર. એમ. સાખરાએ ગુનો નોંધી આરોપીઓને કાયદાનું ભાન કરાવવા તજવીજ હાથ ધરી હતી.

### અમુક સખણા રહે તો તો શું જોઇએ?...હોળીની રાતે એક શખ્સે એવુ કર્યુ કે રૈયાધાર વિસ્તારમાં ચકચાર મચી ગઇ

# યુવતિની ચૂંદડી હવામાં ઉડાડી છેડતીઃ પતિને છરી ઝીંકી

### પરણેલી યુવતિ સાથે તેના માતા, બે વર્ષનો દિકરો પણ હતોઃ ઇન્દિરાનગરના કરણ નામના શખ્સની હરકતથી મા-દિકરી હેબતાઇ ગયાઃ યુનિવર્સિટી પોલીસે દાખલ કરી એફઆઇઆરઃ છેડતીની ફરિયાદનો ખાર રાખી ધુળેટીને દિવસે તેણીના પતિ-સસરા પર છરીથી હુમલોઃ અલગથી ગુનો



રાજકોટઃ તહેવારના દિવસોમાં પણ અમુક એવા હોય છે જે સખણા રહી શકતા નથી. તે પોતાની અંદરના ઉત્પાતને બહાર બીજાને હેરાન કરીને ઠાલવી ન નાંખે ત્યાં સુધી શાંતિ થતી હોતી નથી. આવી જ એક ઘટના હોળીની રાતે રૈયાધાર વિસ્તારમાં બની હતી. અહિના ઇન્દિરાનગરમાં રહેતાં શખ્સે હોળીની રાતે એક પરિણીતા તેના માતા, બે વર્ષના પુત્ર સાથે હોળીના દર્શન કરવા જઇ રહી હતી ત્યારે ડ્રીમસીટીના સામેના ભાગે આવેલા હનુમાનજીના મંદિર નજીક કાચા રસ્તે બાઇકથી આ પરિણીતાને કાવો મારી તેમજ તેના ડ્રેસની ચુંદડી ખેંચી છેડતી કરતાં તેણીની માતાએ તેને ટપારતાં તેમને ગાળો દઇ ભાગી ગયો હતો. થોડીવાર પછી ફરીથી આવી કાલે તહેવારને દિવસે તમારા ઘર પર પાણકા અને દારૂની પોટલી ફેંકવી છે તેમ કહી ધમકાવી ઇંટના કટકાનો ઘા કરી ફરીથી ચુંદડી ખેંચી હવામાં ઉડાડી છેડતી કરતાં દેકારો મચી ગયો હતો.

ચોંકાવનારી અને પોલીસને પડકાર ફેંકનારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે રૈયાધાર વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષની પરિણીતાની ફરિયાદ પરથી રૈયાધાર ઇન્દિરાનગ-રમાં રહેતાં કૌશલ ઉર્ફે કરણ નિતીનભાઇ મકવ-ાણા વિરૂદ્ધ છેડતીનો ગુનો નોંધી ઝડપી લેવા તજવીજ કરી છે. પરિણીતાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને ઘરકામ કરુ છું. તેરમી તારીખે હોળીના તહેવારની રાતે દસેક વાગ્યે હું, મારા માતા, મારો બે વર્ષનો દિકરો અમારા વિસ્તારમાં ડ્રીમસીટી સામેના હનુમાજીના મંદિર પાસે કાચા રસ્તે હોળી પ્રગટાવવાની વિધી ચાલુ હોઇ ત્યાં દર્શન કરવા ચાલીને નીકળ્યા હતાં. થોડે દુર ચાલતાં રસ્તામાં રૈયાધાર ઇન્દિરાનગરનો કૌશલ ઉર્ફે કરણ મકવાણા બાઇક લઇને સામેથી આવ્યોહ તો અને કાવો મારી મેં પહેરેલા પંજાબી ડ્રેસની ચુંદડી પકડી છેડતી કરી હતી. જેથી મારા મમ્મીએ તેને આ રીતે કાવો ન મરાય, મારી દિક-રીની શું કામ છેડતી કરે છે? તેમ કહેતાં કૌશલે મારા માતાને ભુંડી ગાળો દીધી હતી. ત્યારબાદ તે જતો રહ્યો હતો અને અમે હોળીના દર્શન કરવા ઉભા હતાં.

મહિલાએ વધુમાં જણાવ્યું હતું કે ં થોડીવારમાં કૌશલ ઉર્ફે કરણ ફરીથી બાઇક લઇને આવ્યો હતો અને મને તથા મારા મમ્મીને ધમકાવેલા કે કાલે તહેવારના દિવસે તરા ઘર ઉપર પથ્થરો ફેંકવા છે, દારૂની પોટલી નાખવી છે.

તેવુ ઉગ્ર અવાજે બોલી ગાળો દેતાં મારા માતાએ તેને ગાળો બોલવાની ના પાડતાં તેણે નજીકમાં કપચી, ઇંટના કટકા પડ્યા હોઇ તેમાંથી ઇંટ ઉપાડી છુટ્ટો ઘા કરતાં મારા માતાને છાતીના ભાગે ઘા કરતાં મેં બાવડુ પકડી તેમને હટાવી લેતાં ઇંટ લાગી નહોતી. જેથી મારા માતાને વાલની બિ-મારી હોઇ તેણે કૌશલને માથાકુટ ન કરવા આજીજી કરી હતી. આ વખતે તેણે ફરીથી મારી ચુંદડી પકડી હવામાં ઉડાડી હતી. આ વખતે આસપાસના લોકો ભેગા થઇ જતાં કૌશલ ઉર્ફે કરણ ભાગી ગયો હતો. બાદ મેં મારા પતિ, દિયર, સસરાને વાત કરતાં તેઓ આવ્યા હતાં અને કમિશનર કચેરીએ પહોંચતા ત્યાંથી અમને યુનિવર્સિટી પોલીસ સ્ટેશને મોકલાયા હતાં. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ એએસઆઇ હિતેષભાઇ જોગડાએ એફઆઇઆર દાખલ કરી આ શખ્સને પકડી લેવા વિશેષ તપાસ આગળ ધપાવી હતી. આ બનાવે વિસ્તારમાં ભારે ચર્ચા જગાવી દીધી હતી. હોળી-ધુળેટી પર્વમાં લોકો શાંતિથી ઉજવણી કરી શકે તે માટે પોલીસે બંદોબસ્ત ગોઠવ્યો હતો. પરંતુ આ વચ્ચે અમુક સખણા રહી શક્યા નહોતાં અને ગુનાખોરી આચરી ભાગી ગયા હતાં.

દરમિયાઅ છેડતી કરનારો કરણ ઉર્ફે કૌશલ છેડતીના ગુનામાં પકડાય એ પહેલા ધુળેટીના દિવસે ફરીથી તે પરિણીતા ઘર પાસે પહોંચી ગયો હતો અને તેણીના પતિ સાથે ઝઘડો કરી ગાળો દઇ કેમ રાતે મારા વિરૂદ્ધ ફરિયાદ કરી હતી? કહી છરીથી હુમલો કરી તેણીના પતિને માથા, પીઠ પાછળ ઘા મારી દીધા હતાં. પરિણીતાના સસરા વચ્ચે પડતાં તેને પણ ધક્કો દઇ પછાડી દીધા હતાં. આ મામલે પોલીસે કરણ ઉર્ફે કૌશલ નિતીનભાઇ મકવાણા વિરૂદ્ધ બીજો એક ગુનો દાખલ કર્યો હતો. ઘાયલ યુવાને જણાવ્યું હતું કે ધુળેટીની રાતે મારા પત્નિ, મારા સાસુ અને મારો દિકરો ડ્રીમસીટી નજીક ચાલીને હોળીના દર્શન કરવા જતાં હતાં ત્યારે કરણ ઉર્ફે કૌશલે બાઇક પર જઇ મારા પત્નિને કાવો મારી ચુંદડી ખેંચી છેડતી કરી હતી.

આવુ તેણે બે વખત કર્યુ હતું. જેથી મારા પત્નિએ તેના વિરૂદ્ધ છેડતીની ફરિયાદ કરી હતી.

પોલીસ તેને પકડે એ પહેલા તે ધુળેટીની બપોરે ફરી અમારા ઘર પાસે આવ્યો હતો અને તારી પત્નિએ રાતે શું કામ ફરિયાદ નોંધાવી તેમ કહી ગાળો દઇ છરીથી હુમલો કરી મને માથા, પીઠ પર ઘા મારી દીધા હતાં. દેકારો થતાં મને બચાવવા મારા પિતા વચ્ચે પડતાં તેને ધક્કો મારી પછાડી દીધા હતાં.

મારે માથામાં ત્રણ ટાંકા અને પીઠ પાછળ ઓપરેશન કરી ટાંકા લેવાયા હતાં. આમ હોળીની રાતે છેડતી કરનારે ધમકી આપી હતી તે સાચી ઠેરવી ધુળેટીના દિવસે પણ ડખ્ખો કર્યો હતો.

### સ્વચ્છંદતા ઘણીવાર મોંઘી પડેઃ ગાંધીગ્રામનો ચકચાર જગાવતો કિસ્સો

# 'એક ફુલ તીન માલી': ડખ્ખો એવો થયો કે પ્રેમીએ પ્રેમીકાને ધોકાવી

### રવિરત્ન પાર્કના જયેશે પરણેલી પ્રેમિકાને પહેલા પોતાના ઘરે બોલાવી ઘુસ્તા પાટા માર્યાઃ પછી સમાધાનના બહાને કાફેમાં લઇ જઇ વાઇપર-લાકડીથી ફટકા માર્યાઃ ઇજા થતાં દાખલ કરવી પડીઃ સીટી સ્કેન કરાવવા લઇ ગયો ત્યાંથી પરિણીતા ભાગી નીકળી અને પોલીસને જાણ કરી

રાજકોટઃ એક ફુલ દો માલી જેવા કિસ્સા તો અનેક વખત સામે આવતાં હોય છે. પરણેલી સ્ત્રીને બીજે લફરૂ થઇ જાય કે પછી પરણેલો પુરૂષ બીજી કોઇ સાથે પ્રેમમાં પડી જાય તેવુ સાંભળ્યું કે વાંચ્યુ હોય. પરંતુ ગાંધીગ્રામ વિસ્તારમાં એક ફુલ તીન તીન માલી જેવા કિસ્સાએ ચર્ચાના ચકડોળને પણ ગોટાળે ચડાવી દીધુ છે! વાત જાણે એવી છે કે ગાંધીગ્રામ વિસ્તા-રમાં રહેતી પરણેલી અને બે દિકરીની મા એવી છત્રીસ વર્ષની મહિલાનો પતિ વિદેશમાં નોકરી કરે છે. હવે તેણીને રવિ-રત્ન પાર્કના યુવાન સાથે આઠેક મહિનાથી મિત્રતા, પ્રેમ થયો હતો.

પણ આ સિવાયનો એક મિત્ર પણ તેને છે. આ વાત રવિરત્નવાળાને ન ગમતાં તેણે આ મહિલાને વાત કરવાના બહાને ઘરે બોલાવી બેફામ ઢીબી નાંખી હતી. પછી સમાધાનની વાત કરવાના બહાને કાફેમાં લઇ જઇ એવી મારકુટ કરી કે તેણીને ઉલ્ટીઓ થવા માંડી અને સા-રવાર માટે દાખલ થવું પડ્યું. અંતે વાત પોલીસ સુધી પહોંચતા આ પ્રેમકહાનીમાં ફિલ્મોની જેમ હવે પોલીસની એન્ટ્રી થઇ ગઇ હતી.

લવ ટ્રાયેન્ગલ કે એક ફુલ તીન માલી જેવી આ ઘટના પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે આ ઘટના બારા-માં ગાંધીગ્રામ નાણાવટી ચોક વિસ્તાર-માં રહેતી ૩૬ વર્ષની મહિલાની ફરિયાદ પરથી રવિરત્ન પાર્કના જયેશ જોટંગીયા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. પરણેલી એવી આ મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મારા પતિ વિદેશ નોકરી કરે છે. મારે બે દિકરી છે. એક દિકરી પતિ સાથે રહે છે અને એક મારી સાથે રહે છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે ગત ૧૦મી તારીખે હું ઘરે હતી ત્યારે મારો મિત્ર જયેશ જોટંગીયાએ મને સવારે અગિયારેક વાગ્યે ફોન કરી બોલાવતાં હું તેના ઘરે બપોરે બા-રેક વાગ્યે ગઇ હતી. તેની સાથે એક બહેન પણ રહે છે, પણ હું ગઇ ત્યારે એ સાથે નહોતાં.

આ વખતે જયેશે મને કહેલુ કે-તારે તારા મિત્ર આશિષ રાવલ સાથે સંબંધ રાખવાના નથી તેવું મેં કહ્યું છે છતાં તું કેમ સંબંધ રાખે છે? આમ કહી તે મને ગાળો દેવા માંડ્યો હતો.

ત્યારબાદ મેં મિત્રતાનો સંબંધ તો હું આશિષ સાથે રાખીશ જ તેમ કહેતાં તે ઉશ્કેર-ાઇ ગયો હતો અને મને ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. આ પછી જયેશે મને સમજાવેલ કે અહિ અવાજ થશે જેથી બહાર જઇએ અને સમ-ાધાન કરી લઇએ. આથી હું અને જયેશ ન્યા-રી ડેમ અધવના ઢાળીયા પાસે એક કેફેમાં ગયા હતાં. ત્યાં હું મારી મરજીથી જ તેની સાથે ગઇ હતી. કેફેની અંદર ગયા બાદ જયેશે મને 'તે મારી સાથે દગો કર્યો છે, મારી એકની સાથે જ પ્રેમસંબંધ રાખવાનો હતો, બીજાની સાથે કેમ રાખ્યો? 'કહી ગાળો દઇ કેફેમાં પડેલી લાકડી અને સ્ટીલના વાયપરથી ફરી મને આડેધડ મારકુટ કરી હતી. હાથે, પગે, વાંસામાં આડેધડ મને માર માર-વા માંડ્યો હતો. દેકારો થતાં ત્યાં હાજર રાજુભાઇ, વિજયભાઇએ મને છોડાવી હતી. ત્યારપછી જયેશે કહેલુ કે-અમારો અંદરોઅંદરનો મામલો છે. પછી અમે ફરી જયેશના ઘરે ગયા હતાં.



**જેનો પતિ વિદેશ નોકરી કરે છે એ મહિલાને આઠેક માસથી જયેશ સાથે લવ હતો, ઉપરાંત એક આશિષ સાથે પણ મિત્રતા હતીઃ જયેશને એ નહોતું પસંદ કે તેણી આશિષ સાથે પણ ફ્રેન્ડશીપ રાખે તેથી વાત વણસીને પોલીસ સુધી પહોંચી**

રાતે મને ઉલ્ટી જેવુ થવા લાગતાં જયેશ મને શ્રીજી હોસ્પિટલ નિર્મળા રોડ પર લઇ ગયેલ. ત્યાં સારવાર લીધા બાદ શિવાલીક હોસ્પિટલ વૈશાલીનગરમાં લઇ ગયેલ. ત્યાં મને તેણે સમજાવી હતી જેથી ડોક્ટરને મેં મારામારીની વાત જણાવી નહોતી. મને જયેશે મારી નાખવાની ધમકી આપી હતી અને તેની પાસે મારા ફોટા હોઇ જે મારા પતિને બતાવવાની ધમકી આપી હોઇ હું ડરી ગઇ હતી. એક રાત ત્યાં સા-રવાર લીધા બાદ મને બીજા દિવસે જયેશ એક્સરે અને સીટી સ્કેન કરાવવા સિવિલ હોસ્પિટલે લઇ ગયો હતો.

જ્યાં જયેશ ત્યાં કેસ કઢાવ-વા જતાં હું ત્યાંથી નજર ચુકવી નીકળી ગઇ હતી. ઘરે મેં મારા માતાને આ વાત કરી હતી. એ પછી ફરિયાદ લખાવવાનું નક્કી કર્યુ હતું.

મહિલાએ આગળ જણાવ્યું હતું કે મારુ ફોન અને પાકીટ જયેશના ઘરે જ રહી ગયા હતા. આ માથાકુટનું કારણ એ છે કે જયેશ જોટંગીયા સાથે મારે આઠેક મહિનાથી મિત્રતા અને પ્રેમના સારા સંબંધ છે, મારે બીજો મિત્ર આશિષ રાવલ પણ છે અને તેની સાથે પણ સારી મિત્રતા છે. આ બાબત જયેશને ગમતી ન હોઇ તેણે મને તેના ઘરે બોલાવી આશિષ સાથે મિત્રતા ન રાખ-વાનું કહી પહેલા પોતાના ઘરમાં ઢીકાપાટુનો બેફામ માર મારી બાદમાં સમાધાનની વાત કર-વા કેફેમાં લઇ જઇ ત્યાં લાકડી, ટેબલ સાફ કરવાના વાયપરથી બેફામ માર મારી કોઇને કહીશ તો મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એન. આર. રાઠોડે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આ ઘટનાએ સમગ્ર ગાંધીગ્રામ, રવિરત્ન પાર્ક સહિતના વિસ્તારોમાં ચકચાર જગાવી દીધી છે.

# અનાજ પુરવઠો સમયસર પહોંચતો રહે તે આવશ્યક : કલેક્ટર

### જિલ્લા કલેકટરના વડપણ હેઠળ નાગરિક પુરવઠા સલાહકાર સમિતિની યોજાઇ બેઠક

રાજકોટ, તા. ૧૫

છેલ્લા ઘણા સમયથી રાજકોટ જિલ્લામાં અન્ન પુરવઠા અને ગ્રાહક સુરક્ષા ને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે તેની ગંભીરતાપૂરક નોંધ લેવામાં આવે અને કામગીરી ઝડપભેર હાથ ધરાય તે માટેના હાલ તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે એટલું જ નહીં આ અંગે ગઈકાલે કલેકટરના વડ પણ હેઠળ ખાસ બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ શહેર/જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. બેઠકમાં પુરવઠા વિભાગની વિવિધ યોજનાઓની સમીક્ષા કરવાની સાથે સાંસદ સહિત પદાધિકારીઓ દ્વારા અન્ન વિતરણ, ગ્રાહક સુરક્ષા બાબતે રજૂ કરાયેલ પ્રશ્નોનુ નિરાકરણ કરવા સંબંધિત અધિકારીઓને કલેકટરે સૂચના આપી હતી.

બેઠકમાં જિલ્લા કલેકટર પ્રભાવ જોશીએ અનાજ અને પુરવઠો ગ્રાહકો સુધી સમયસર અને પૂરતા પ્રમાણમાં પહોંચતો રહે, વાજબી ભાવની દુકાનો દ્વારા અનાજ વિતરણ નિયમિત અને વિક્ષેપ વગર કરવા, નિયમિત દુકાનોની તપાસ કરવી, વિવિધ વિસ્તારોમાં વન નેશન-વન રેશનના કેમ્પ યોજવા વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રીબેન વંગવાણી દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લામાં 'વન નેશન વન રેશન કાર્ડ' થકી થતા અનાજ વિતરણની વિગતો, ઘઉં, ચોખા, ખાંડ, બાજરી સહિતના પુરવઠાનું વિતરણ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે થયેલી કામગીરી અંગેની માહિતી આપવામાં આવી હતી.

સાંસદ રામભાઈ મોકરિયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, મહેન્દ્રભાઈ પાડલીયા સહિતના પદાધિકારીઓ દ્વારા અધિકારીઓને નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબતે માર્ગદર્શન આપી જરૂરિયાતમંદ એક પણ લાભાર્થી સરકારશ્રી દ્વારા વિતરણ થતાં અનાજના લાભથી વંચિત ન રહે તે જોવા તાકીદ કરી હતી. બેઠકમા ભાયાવદર નગરપાલિકાના પ્રમુખ રેખાબેન, સમિતિના સભ્ય મનોજભાઇ રાઠોડ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવ, દિપાબેન કોરાટ સહિત સભ્ય, અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# રાહુલ ગાંધીની વિયતનામ મુલાકાતની ટીકા કરતું ભાજપ

### ભાજપે આક્ષેપક કરતા કહ્યું , લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશ પ્રત્યેના તેમના સ્નેહને સમજાવવું જોઈએ

નવીદિલ્હી, તા. ૧૫

ભારતીય જનતા પાર્ટીએ રવિવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની વિયેતનામ મુલાકાતની ટીકા કરી હતી. આ વર્ષે તેમની વિયેતનામની આ બીજી મુલાકાત છે. એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, બીજેપી સાંસદ રવિશંકર પ્રસાદે રાહુલની વિયેતનામની મુલાકાતોની આવર્તન પર શંકા વ્યક્ત કરી અને કહ્યું કે લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશ પ્રત્યેના તેમના સ્નેહને સમજાવવું જોઈએ. ''સાંભળવામાં આવ્યું છે કે રાહુલ ગાંધી નવા વર્ષ પછી હોળી દરમિયાન વિયેતનામમાં હતા. તેઓ તેમના મતવિસ્તાર કરતાં વિયેતનામમાં વધુ સમય વિતાવે છે. તેમણે વિયેતનામ પ્રત્યેના તેમના અસાધારણ પ્રેમ વિશે સમજાવવું જોઈએ.

રાહુલની તાજેતરની મુલાકાત ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના અવસાન બાદ સાત દિવસના રાષ્ટ્રીય શોક દરમિયાન વિયેતનામની મુલાકાત લીધાના થોડા મહિના પછી આવી છે.

જાન્યુઆરીની શરૂઆતમાં, ભાજપે આરોપ લગાવ્યો હતો કે રાહુલે ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંઘના મૃત્યુનો તેમના ''સુવિધાજનક રાજકારણ'' માટે ''શોષણ'' કર્યો હતો અને નવા વર્ષની ઉજવણી કરવા વિયેતનામ ગયા હતા જ્યારે સમગ્ર દેશ તેમના નિધન પર શોક વ્યક્ત કરી રહ્યો હતો.

વડાપ્રધાન ડો.મનમોહન સિંહના નિધનથી સમગ્ર દેશ શોકમાં ગરકાવ હતો ત્યારે રાહુલ ગાંધી નવા વર્ષની ઉજવણી કરવા વિયેતનામ ગયા હતા. ભાજપના અમિત માલવિયાએ કહ્યું હતું કે, ''રાહુલ ગાંધીએ રાજનીતિ કરી અને પોતાની રાજકીય સગવડતા અનુસાર ડો. સિંહના મૃત્યુનો ફાયદો ઉઠાવ્યો, પરંતુ તેમના માટે તેમનો તિરસ્કાર અસ્વીકાર્ય છે.''

કોંગ્રેસ પાર્ટીએ આરોપોને નકારી કાઢ્યા અને કેન્દ્ર દ્વારા જાહેર કરાયેલા સાત દિવસના શોકના સમયગાળા દરમિયાન રાહુલ ગાંધીની વિયેતનામની મુલાકાતને લગતા વિવાદ પર મૌન જાળવ્યું. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હરીશ રાવતે રાહુલની વિયેતનામની મુલાકાતનો બચાવ કરતાં કહ્યું હતું કે પાર્ટીના નેતા દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશની મુલાકાત ''તેના આર્થિક મોડલનો અભ્યાસ કરવા'' કરી રહ્યા છે.

હું માનું છું કે તે વિયેતનામની અર્થવ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થાનો અભ્યાસ કરવા ગયો હતો, જે હાલમાં એક મોડેલ છે. તેઓ ત્યાં આર્થિક મોડલનો અભ્યાસ કરવા ગયા છે... જો ચૂંટણીના અઘરા અને વ્યસ્ત વર્ષ પછી, તેઓ એક વ્યક્તિ તરીકે, પોતાના માટે થોડો સમય કાઢે છે, તો પછી ભાજપ શા માટે તેમાં રાજકીય વળાંક શોધી રહ્યો છે?'' કોંગ્રેસ નેતા હરીશ રાવતે કહ્યું હતું.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ધુળેટી એ હોળી

## અગ્નિકાંડની કમનસીબ ઘટનાઃ ભૂતકાળની યાદ ધ્રુજાવી ગઈ



સમગ્ર રાજકોટમાં ધુળેટીનો ઉત્સવ ધામધૂમથી ઉજવાતો હતો. માર્ગો પર રંગોની બોછારો ઉડતી હતી. આનંદ-આનંદનો માહોલ હતો ત્યારે શહેરના ભદ્ર વિસ્તારમાં અતિ ભવ્ય એટલાન્ટિસ બિલ્ડિંગમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ધુળેટીના દિને હોળી જેવી કમનસીબ ઘટનામાં ત્રણ લોકોના મોત થયા હતા. આગની ઘટના ગુજરાત ભરના મીડિયામાં છવાઈ ગઈ હતી. ચેનલોમાં લાઈવ દ્રશ્યો રિલીઝ થયા હતા.

આ ઘટના અંગે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. ઘટના અંગે સત્તાવાર-બિનસત્તાવાર અનેક માહિતી ઉડી રહી છે. બિલ્ડીંગ પાસે એનઓસી ન હોવાની વાત પણ બહાર આવી છે. જોકે પૂરી તપાસ થયા બાદ જ ખ્યાલ આવશે. એવી પણ વાત આવી રહી છે કે, ફાયર સેફ્ટીના સાધનો હતા, પણ વર્ક ન'તા કરતા.

ક્યાંક કાચું કપાયું હોય તેમ લાગે છે. બિલ્ડીંગની બહારના ત્રણ વ્યક્તિના મોત થયા છે. આ ત્રણેયના પરિવારની જિંદગીના રંગ ધુળેટીના દિને ઝંખવાયા છે. જોકે સારી-ખરાબ ઘટનાઓ જ જિંદગીની ઘટમાળ છે. ઘટનાઓને રોકવી મુશ્કેલ છે, પરંતુ દરેક ઘટના એક બોધ આપીને જતી હોય છે. આ બોધ પ્રત્યે ગંભીર બનવું જરૂરી હોય છે.

એટલાન્ટિસ બિલ્ડીંગમાં આગની ઘટના વખતે ફાયર બ્રિગેડના જવાનોએ જોખમ ઉઠાવીને બચાવ કાર્ય આદર્યું હતું તે બિરદાવવા લાયક હતું. આગ સાથે ઉઠેલો ધુમાડો વધારે ઘાતક બને તેમ હતો. ધુમાડાથી ઉપર સુધીના ફલેટમાં ગૂંગળામણનું જોખમ સર્જાયું હતું. ખરા સમયે ફાયર જવાનોએ બચાવકાર્ય કરીને હાઈડ્રોલિક ક્રેનના માધ્યમથી ૩૫ જેટલા લોકોને બચાવ્યા હતા.

આ ઘટનાએ ભૂતકાળના બિહામણા અગ્નિકાંડની યાદ તાજી કરી દીધી હતી. આ કાંડમાં મોટાભાગે નિર્દોષ લોકો સ્વાહા થયા હતા. નિયમોની ઉથલ પાથલ કરીને આખું ગેમ ઝોન ધમધમતું હતું. ટોચના અધિકારીઓ પણ શંકાના ઘેરાવામાં આવી ગયા હતા. એ અગ્નિકાંડ દેશના મીડિયામાં લાંબા સમય સુધી ગાજતો રહ્યો હતો. એ સમયે લોકોનો આક્રોશ પણ આસમાને હતો. આ ઘટનામાં વહીવટી અને ટેકનિકલ અનેક મુદ્દા ઉઠ્યા હતા. અફસોસ એક જ છે કે, અગ્નિકાંડમાંથી આપણે પૂરતો બોધ લીધો નથી.

મહત્વનો મુદ્દો એ પણ છે કે, નવા બાંધકામોમાં ખાસ કરીને ભદ્ર સમાજ માટેના બાંધકામોમાં સુરક્ષાને અતિ પ્રાધાન્ય આપવામાં આવે છે. એટલાન્ટિસ બિલ્ડીંગ અસામાન્ય કક્ષાનું નિર્માણ ગણાય તેવું છે. ચકલુ પણ ફરકી ના શકે તેવું બિલ્ડીંગ ગણાય, પણ સુરક્ષાના દ્રષ્ટિકોણની બીજી બાજુ એ છે કે, આગનો જીવલેણ બને તેવો ધુમાડો પણ બહાર જઈ શકે તેમ ન હતો. કાચ ન તોડ્યા હોત તો અતિ સુરક્ષા ઘાતક બની શકત.

!! લાખ રૂપિયાની વાત !!
ઘણી વાર જિંદગીમાં તકલીફો આપણી પરીક્ષા લેવા માટે નથી આવતી, પણ આપણી સાથે જોડાયેલા લોકોની સાચી ઓળખાણ કરવા માટે આવે છે...

પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ભારત PoK કબજે કરી શકે ?

## પાકિસ્તાન કબ્જાગ્રસ્ત કાશ્મીર કે અનધિકૃત કાશ્મીરનાં નામે જાણીતા પ્રદેશ પીઓકેમાં પાકિસ્તાન સરકાર સામે સતત આંદોલન થાય છે. ભારત એને પોતાનો હિસ્સો માને છે. વિદેશ મંત્રી જયશંકરે હમણા જે નિવેદન કર્યું એ પછી ચર્ચા વધી છે. શું ભારત આ પ્રદેશ પાછો મેળવવા કોઈ હિંમતપૂર્વકનું પગલુ લઇ શકે?




ખબર ની KHABAR



કૌશિક મહેતા

પીઓકે ... આ શબ્દ આપણા કાને વારેવારે પડતો રહે છે. હમણા આ મુદે ચર્ચા વધી ગઈ છે. ભારતના વિદેશ મંત્રી જયશંકરે એક બે વાર નિવેદન કર્યું, પત્રકારોને જવાબ આપ્યો કે, પાકિસ્તાન પીઓકે ભારતને આપી દે એટલે કાશ્મીર સમસ્યા આપોઆપ ઉકેલાઈ જશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ કહે છે કે, આ જ સાચો સમય છે, પીઓકે ભારતમાં ભળી જાય. અમિત શાહે જ્યારે ક. ૩૭૦ કલમ રદ કરતો પ્રસ્તાવ સંસદમાં મુક્યો ત્યારે કહેલું કે, પીઓકે ભારતનો જ ભાગ છે. પણ આ બધામાં કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબદુલ્લાહે સરકારને કહ્યું કે, પીઓકે વિષે વાત થાય છે બાકી એને ભારતમાં ભેળવા રોકે છે કોણ? આ મુદે જયશંકર કે મોદી સરકારના કોઈ મંત્રીએ જવાબ આપ્યો નથી.

પીઓકે વિષે નવી પેઢીને બહુ ખબર નથી. ભારત પાકિસ્તાનનાં ભાગલા થયા અને કાશ્મીરના રાજા હરિસિંહ ગડમથલમાં હતા કે, ભારત સાથે જોડાવું કે પાકિસ્તાન સાથે. અને આ મૂંઝવણનો લાભ પાકિસ્તાને ઉઠાવ્યો અને કબાલીઓની આડમાં કાશ્મીર પર હુમલો કરી દીધો. અને હરિસિંહ એનો સામનો કરી શકે એવી સ્થિતિમાં નહોતો. ભારત પાસે એમણે ખોળો પાથર્યો. પણ ત્યારે ભારતે ખાસ કરીને સરદાર પટેલે શરત મૂકી કે ભારતની સેના મદદે આવી શકે પણ હરીસિંહે ભારત સાથે જોડાવું પડે. હરીસિંહે નિર્ણય લેવામાં મોડું કર્યું ને પાકિસ્તાને કાશ્મીરનો થોડો હિસ્સો પોતાના કબજામાં લઇ લીધો. આ પ્રદેશની વસ્તી ૪૦ લાખની છે. અને ત્યાં સરકાર છે, પ્રધાન મંત્રી હોય છે. ૪૧ ધારાસભ્યો હોય છે અને આઠ સહસભ્યો. જેમાં પાંચ મહિલા. પણ આ સરકાર નામની છે. એમની પાસે કોઈ સત્તા નથી. આર્થિક સંસાધનો નથી. પાકિસ્તાન સરકાર અહી સતત દખલગીરી કરે છે. પાક સેનાની અહી સતત હાજરી રહે છે.

પીઓકેમાં એટલી બેરોજગારી છે કે નાં પૂછો વાત. બેરીજગારીનો દર ૩૩ ટકા છે. વિકાસ અહી દૂર દૂર સુધી જોવા મળતો નથી. ના તો ઢંગની શાળા છે. નાં તો રોજગારના અવસરો. અને એ કારણે અહીની પ્રજા સતત આંદોલન કરે છે. અને જોઈન્ટ અવામી એક્શન કમિટી એની આગેવાની કરે છે. આ પ્રદેશ ભારત સાથે ભળવા માગે છે. આમ તો એમ પણ કહેવામાં આવે છે કે, અહી ભારતની એજન્સી 'રો' અને અન્ય એજન્સી દખલગીરી કરે છે. આંદોલનને મદદ કરે છે. કેટલીક ઘટનાઓ એવી છે જેમાં પડદા પાછળ આપણી એજન્સીઓ છે.

પણ સવાલ એ છે કે, ભારત શું કરી શકે? પાકિસ્તાન અહી વિરોધને દબાવવા બધું કરે છે. વિરોધ કરનારાઓની બેરહેમીથી ધોલાઈ કરવામાં આવે છે અથવા તો ગોળીએ દેવાય છે. તો હવે શું? આ સવાલ બહુ મહત્વનો છે. શું ભારતે પાકિસ્તાનમાં સજીર્કલ સ્ટ્રાઈક કરી એવું કોઈ પગલું ભરત લઇ શકે? અહી ઓમર અબ્દુલ્લાહનો પ્રશ્ન આવે છે. ભારત પાસે શું કોઈ જવાબ નથી. હા, એટલું ચોક્કસ કે, ભારતે પાકિસ્તાનને હરાવ્યું છે અને આજે ય પાકિસ્તાન ભારત સામે ટકી શકે એમ નથી. વળી, પાકિસ્તાનની આર્થિક હાલત બહુ ખરાબ છે. અનેક પરેશાનીઓ છે. આ સંજોગોમાં પાકિસ્તાન ભારત સામે લડી શકે એમ નથી.

પણ સમસ્યા એ છે કે, ૪૨,૨૪૧ ચોરસ કિલોમીટરનો આ વિસ્તાર અનેક રીતે દુર્ગમ છે. પહાડી વધુ છે. અને અહી લડાઈ કરવી હોય તો ભારતે ઝાઝી તૈયારી કરવી પડે. પાક. પાસે જે બળ હોય એનાથી દસ ગણું બળ વાપરવું પડે. અને એમાં ભારતને પણ નુકસાન થઇ શકે. કારણ કે પાક એના માટે ફાયદો એ છે કે, એ પહાડી પર છે એ એમના મોટો એડવાન્ટેજ છે. આમ તો આજના સમયમાં કોઈ મોટા વિસ્તારમાં લાંબો સમય કબજો જમાવી રાખવો આસાન નથી.

પણ જેમ ૧૯૯૪માં ભારતની સંસદમાં સર્વસંમતીથી ઠરાવ થયો હતો કે, પીઓકે ભારતનો હિસ્સો છે. પણ એ પછી કાઈ થયું નહિ. અને બીજી બાજુ પાકિસ્તાને આ જ પ્રદેશમાંથી થોડો ચીનને આપી દીધો. એનો ભારતે વિરોધ કર્યો હતો, અને બીજું ગ્વાદર બંદર વિકસાવવા માટે ચીન અને પાકિસ્તાન વચ્ચે જુગલબંદી ચાલે છે.

રશિયા અને યુક્રેન વચ્ચે કેટલા સમયથી યુદ્ધ ચાલે છે. અમેરિકાએ હવે દરમિયાનગીરી કરી છે. ઇઝરાયલ અને હમાસ વચ્ચે લડાઈ બંધ થઇ છે. પણ નુકસાન એટલું થયું છે કે, એની ભરપાઈ કરતા વર્ષો લાગવાના છે. એવું રશિયા અને યુક્રેનનું છે. ભારત - પાકિસ્તાન યુદ્ધ થાય તો શું થાય? અમેરિકાનું વલણ કેવું રહે? રશિયા અને ચીન કોના પક્ષે રહે? એટલે આ આખો મામલો પેચીદો છે. ડોનાલ્ડ ટ્રમ્પની નીતિરીતીથી આખું વિશ્વ ચિંતિત છે.

એમાં ભારત માટે યુદ્ધ કરવું આસાન નથી. મોદી અને એમની સરકાર આ વિષે શું વિચારે છે? એમ તો ક.૩૭૦ દૂર થાય જ નહિ એવું આપણે માની લીધું હતું પણ એ દૂર થઈ. ભારતે સજીર્કલ સ્ટ્રાઈક પણ કરી. તો યુદ્ધ કરી ભારત પીઓકે પર કબજો કેમ ના કરી શકે? પણ આ માનીએ એવું સહેલું કામ નથી. બીજી બાજુ, પાકિસ્તાન માનવાધિકાર ને એવા બધાથી માને એમ નથી. આ વિસ્તારમાં હિંદુઓની સંખ્યા માત્ર ૧૦૦૦-૧૫૦૦ની જ છે. મુસ્લિમ બહુમત છે.

પણ ભાજપ પર સતત આક્ષેપ થતો રહ્યો છે કે, કોઈ ચૂંટણી આવે ત્યારે આ મુદો ભાજપ ચગાવે છે. અને વાત સાવ ખોટી પણ નથી. બીજી બાજુ ૧૯૯૦નાં દાયકાથી પાકિસ્તાન કાશ્મીરમાં પ્રોક્સી વોર ચલાવે છે.

હવે એમાં ઘટાડો ઘણો બધો થયો છે પણ હજુય આતંકી ઘટના બનતી રહે છે. પાકિસ્તાન આ મુદો આંતરરાષ્ટ્રીય તખ્તા પર ઉઠાવતો રહે છે, ભારત એનો જવાબ આપે છે. બસ વાત એનાથી આગળ વધતી નથી. ભારત પીઓકે કબજે કરી લે એ સાંભળવામાં બહુ સારું લાગે છે પણ એવું કરવું આસાન નથી જ.

# જમીન વિવાદઃ સોનીપતમાં ભાજપ નેતાની હત્યા

## આરોપીની ધરપકડ : પાડોશી સાથે વિવાદ હોવાનું આવ્યું બહાર



નવીદિલ્હી તા. ૧૫

સોનીપતના જવાહરા ગામમાં હોળીની રાત્રે બીજેપીના મુંડલાના મંડળ પ્રમુખ અને ગામના નંબરદાર સુરેન્દ્રની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જમીનના વિવાદમાં આ હત્યા કરવામાં આવી હતી. પોલીસે મૃતકની પત્નીના નિવેદનના આધારે હત્યાનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન પોલીસે આ કેસમાં કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી. આ ઘટના દુકાનમાં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. બીજેપીના મુંડલાના મંડળના પ્રમુખ સુરેન્દ્ર જવાહરાના ગામ જવારાના રહેવાસીની શુક્રવારે રાત્રે લગભગ ૯.૧૫ વાગ્યે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ઘટના સમયે સુરેન્દ્ર ઘરની બહાર ગલીમાં ઊભો હતો. ત્યારબાદ ઘટનાસ્થળે પહોંચેલા પાડોશી મોનુએ સુરેન્દ્રને ગોળી મારી દીધી હતી. તે ભાગીને નજીકની કરિયાણાની દુકાનમાં ઘૂસ્યો. હુમલાખોરે અંદર જઈને બીજી ગોળી ચલાવી હતી. હુમલાખોરે એક ગોળી તેના કપાળમાં અને બીજી ગોળી તેના પેટમાં વાગી હતી અને ભાગી ગયો હતો. સુરેન્દ્રની પત્ની કોમલે જણાવ્યું કે પાડોશી મોનુ સાથે જમીનને લઈને વિવાદ ચાલતો હતો. તેના પતિ સુરેન્દ્રએ મોનુની કાકી અને તેના કાકાની જમીન ખરીદી હતી. જેના કારણે તેને તેની સામે નારાજગી હતી. હુમલાખોરે સુરેન્દ્રને તેના પગ જમીન પર ન મૂકવાની ધમકી આપી હતી. સુરેન્દ્રએ જમીન ખેડવી લીધી હતી.

જેનાથી નારાજ થઈને મોનુએ આ હત્યા કરી નાખી. પોલીસે મૃતદેહને ખાનપુર કલાન ગામમાં સ્થિત ભગત ફૂલ સિંહ સરકારી મહિલા મેડિકલ કોલેજની હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે એસીપી ઋષિકાંતે જણાવ્યું હતું કે આ કેસમાં નંબરદાર સુરેન્દ્રની પત્ની કોમલના નિવેદનના આધારે હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે. તપાસ માટે ત્રણ ટીમો નીમવામાં આવી હતી. ટીમે કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસ આરોપીની પૂછપરછમાં વ્યસ્ત છે. આરોપી, જેનું નામ જાહેર કરવામાં આવ્યું નથી, તે શંકાસ્પદની કાકીના નામે ભાજપના નેતા દ્વારા ખરીદવામાં આવેલી જમીનને સંડોવતા મિલકતના વિવાદને કારણે ગુસ્સે હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ પહેલાથી જ સુરેન્દ્રને જમીન પર પગ ન મૂકવાની ચેતવણી આપી હતી. જો કે, જ્યારે બીજેપી નેતાઓ શુક્રવારે રાત્રે જમીન ખાલી કરવા માટે સ્થળ પર પહોંચ્યા, ત્યારે શંકાસ્પદ વ્યક્તિએ તેમનો સામનો કર્યો અને ગોળીબાર કર્યો. સીસીટીવી ફૂટેજમાં જવાહર પોતાનો જીવ બચાવવા એક દુકાનમાં ઘૂસતો દેખાય છે, પરંતુ હુમલાખોરે તેનો પીછો કર્યો અને તેને ગોળી મારી દીધી. એસીપી ઋષિકાંતે કહ્યું કે પોલીસે કેસ નોંધી લીધો છે. ત્રણ ટીમો બનાવવામાં આવી છે. બે સીઆઈ ટીમ અને એક એસએચઓ મોબાઈલ ટીમ છે. ટૂંક સમયમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# વાંચન વિશેષ

## વન સંરક્ષણ નહીં કરીએ તો લુપ્ત થતી પક્ષી પ્રજાતિ જેમ, આપણું અસ્તિત્વ પણ નહીં રહે!



૨૧ માર્ચ એટલે વન દિવસ અને કવિતા દિવસ આવશે, વન હશે તો કવિતા થશે, અથવા તો શું હવે ફક્ત કવિતાઓમાં જ વનને જોવાનું છે? એ ભાવ વન દિવસ અને કવિતા દિવસના સંયોગે મનમાં ઉદ્ભવે છે. વન કહો કે પર્યાવરણ કહો પણ જે આપણી આસપાસ છે, એ હવે પહેલા જેટલું શુદ્ધ નથી એ વાતને આપણે નકારી શકતા નથી. પણ જો એને સ્વીકારી લઈએ તો હજી પણ સુધારો થઈ શકે છે, એ મહત્વની વાતને દ્રઢ પણે વળગીને હવે કંઈક તો કરવું જ પડશે તો જ આપણું અસ્તિત્વ સલામત રહેશે.

આજકાલ તો પ્રકૃતિમાં કેટલું પ્રદુષણ વધી ગયું છે, અને એ બધું માનવની માનસિકતા દર્શાવે છે, કે પોતાના મોજશોખ કે એશોઆરામ માટે તે કંઈપણ કરી શકે. વસ્તી વધારો જે રીતે વધી રહ્યો છે તે જોતા કદાચ એક દાયકા પછી અત્યારે અસ્તિત્વમાં રહેલા જંગલો પણ કદાચ ન હોય એવી પરિસ્થિતિ છે, અને હવે તો ગામ ઔધોગિકરણ ને કારણે ખેતીની જમીન ને પણ બીન ખેતી બનાવતો ભ્રષ્ટાચાર ખૂબ ફાલ્યો છે, ટૂંકમાં સિમેન્ટ ક્રોકીટનાં જંગલો વધી રહ્યા છે,એ સૌથી મોટી સમસ્યા છે. માનવે પોતાના નિજી સ્વાર્થ માટે વન ઉપવન કે જંગલ તો હવે રહેવા જ ક્યાં દીધા છે? વનસ્પતિથી ભરેલા હોય તેને વન કહેવામાં આવે છે, આપણા શાકાહારી માટે વનસ્પતિ શું ઉપયોગી છે? એ કંઈ કહેવાની જરૂર નથી.

વનસ્પતિ આપણને શું ઉપયોગી છે, એ જાણવા માટે ચાલો પ્રાથમિક શાળાનાં એ વર્ગમાં જઈએ, જ્યાં આપણે ભણ્યા હતાં કે વનસ્પતિ પ્રકાશસંશ્લેષણની ક્રિયા કરીને વાતાવરણમાં ઓક્સિજન મુક્ત કરે છે, અને એ ઓક્સિજન માનવ શ્વાસોશ્વાસની ક્રિયામાં ગ્રહણ કરે છે, અને પોતાનું સ્વાસ્થ્ય બનાવી રાખે છે. એટલે એમ કહી શકાય કે વનસ્પતિ તો મનુષ્ય જીવન ટકાવી રાખવા માટે પાયાની જરૂરિયાતમાં આવે છે. આ ઉપરાંત શાકાહારીને વનસ્પતિ માંથી જ આપણને ખોરાક પણ પ્રાપ્ત થાય છે, અને ખોરાક દ્વારા પોષણ મેળવી આપણે શારીરિક વૃદ્ધિ કરીએ છીએ. વનસ્પતિનું એક એક અંગ, એટલે કે, કોઈ નું પર્ણ, તો કોઈ ની ડાળ, કોઈનું ફળ, કોઈનો ફૂલ, કે પછી કોઈનું મૂળ, અથવા તો વૃક્ષની છાલ, અને કાંટા ,ફૂલની પરાગ રજ, સુધી દરેક અંગ આપણને કોઈ ને કોઈ રુપે છેવટે ઔષધ રુપે પણ ઉપયોગી બને છે. એટલે એમ કહી શકાય કે વનસ્પતિ એ આપણા અસ્તિત્વનો મૂળ આધાર છે. છતાં આપણે તેને એને અણદેખ્યુ કઈ રીતે કરી શકીએ!! શહેરીકરણ ને નામે નેશનલ હાઈવે બનાવવા માટે કેટ કેટલા વૃક્ષોને કાપવા પડે છે. એ જોતાં એવું લાગે કે હવે વિકાસ પણ આપણને એકંદરે મોંઘો જ પડે છે, તે છતાં જે કરવું પડે તે કરવું પડે, એવું સરકાર કહી દે. પરંતુ એક નીતિ અવશ્ય રાખી શકાય, કે બને એટલા ઓછા વૃક્ષ કાપવા. એમાં પણ આપણે શાકાહારીઓનું જીવન તો સંપૂર્ણપણે વનસ્પતિ પર જ નિર્ભર છે, એથી કહી શકાય કે, વનસ્પતિ છે ત્યાં સુધી જ આપણું અસ્તિત્વ છે. આ વાત આપણે પક્ષી જગત પરથી જોઈ શકીએ,જેમ કે ૨૦ ૩૦ વર્ષ પહેલા જેટલા પક્ષીઓ દેખાતા હતાં, કાબર, કાગડો, કબુતર, ચકલી,હોલો તેનું પ્રમાણ આજે એકદમ ઘટી ગયું છે. માનવ એ તેમના નિવાસ્થાન જ કાપી નાખ્યાં પછી ક્યાં રહે!! ૨૦ માર્ચ એ ચકલી દિવસ આવશે, અને બધાએ ચકલીને લઈને પોતાનો પ્રેમ વ્યક્ત કરતાં વાક્યો અથવા વિડિઓ અપલોડ કરશે. એમ કહી શકાય કે, જેમ પક્ષી જગતની ઘણી જાતિ પ્રજાતિઓ લુપ્ત થઈ છે,એ જોતાં એવું લાગે છે કે આવતી કાલે કદાચ માનવનું અસ્તિત્વ પણ જોખમમાં ગણી શકાય.પરંતુ આટલું સીધુ સાદુ સત્ય પણ આપણને સમજાતું નથી, અને કોઈવાર વિકાસને નામે, તો કોઈવાર રહેણાંકને નામે, અને કોઈવાર કોઈપણ કારણ વગર પણ વૃક્ષ કપાતાં જ જાય છે. વૃક્ષો ઉછેરવા એ આપણી નૈતિક ફરજ છે, અને સરકાર તરફથી પણ વૃક્ષો માટે એવો કોઈ કાયદો કરાતો નથી,એ ખરેખર દુઃખની વાત છે. માનવની જેમ વનસ્પતિ પણ સજીવ છે તો વૃક્ષો કાપવા એ પણ એક જીવ હત્યા થઈ કહેવાય,પણ આ સત્ય કોઈ ને દેખાતું નથી.

આ સમય જાગરણનો છે, હવે મોહનિંદ્રા, કે ભોગનિંદ્રા, કે તમસ નિંદ્રામાં સુવું પોષાય એમ નથી.પરંતુ જાગી ગયા તો હવે કરવું શું!! એ પણ એક પ્રશ્ન થાય અને આની માટે દરરોજ ચિંતનમાં જુદા જુદા વિષયો પર અર્થ વિશ્લેષણ કરીને ચરણમાં આચરણના ઘુઘંરુ બાંધી ગતિ કરવાની વાત કહેવામાં આવે છે. ભૂતકાળ તરફ નજર કરીએ કે, આપણને આજ સુધી જીવન આપનાર વનસ્પતિ માટે આપણે શું કર્યુ? અથવા કંઈ કર્યું છે? મોટે ભાગે જવાબ ના જ આવશે, તો હવે કંઈક કરવાનો સમય આવી ગયો છે, કંઈ નહીં તો આ બાબત પર થોડી જાગૃતિ રાખીને એક બે વૃક્ષ ઉછેરી એ,અને અન્યને આચરણથી શીખવીએ, અને કોઈ કાપતુ હોય તો એને રોકીએ. સત્યની પરિભાષા કરી કરીને જ સત્યને અઘરું બનાવી દીધું છે, બાકી આ બાબતે સત્ય સાવ સાદું છે, કે જે આપણને જીવન આપે છે, એની આપણે દરકાર કરવી જોઈએ.

વિશ્વ વન દિવસની ઉજવણી કઈ રીતે થઈ, એ છાપામાં આવશે, અને ખોટે સાચે મોઢે નેતાઓ વૃક્ષારોપણ કરતા હશે, એવા ફોટા પણ દેખાડા માટે પડાવી અને સોશિયલ મીડિયામાં મુકાશે,અને બસ વિશ્વ વન દિવસની ઉજવણી પૂરી!! પણ જેટલા વૃક્ષનું રોપણ થાય છે એ ઉછરે છે? એ પણ જોવું પડે. વન્ય સંરક્ષણ માટે આપણાથી બીજું કંઈ થઈ ના શકે તો બને એટલા વધુ વૃક્ષો વાવીએ, તેનું જતન કરીએ, એટલે કે ઉછેર કરીએ, યોગ્ય સમયે પાણી અને ખાતર નાખી તેની વૃદ્ધિ તરફ લક્ષ્ય સેવીએ, અને વનમાં રહેતા પ્રાણીઓના જીવનને પણ બચાવીએ. વન કે જંગલોમાં દિન પ્રતિ દિન પ્રાણીઓની સંખ્યા ઘટતી જાય છે, અને પાણી માટે કે, ખોરાક માટે તે લોકો હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ જવા લાગ્યા છે. રોજ છાપામાં દીપડો, ચિત્તો, સિંહ, રસ્તા પર ઉતરી આવ્યા અને બાળકીને લઈ ગયા કે વાછરડાને લઈ ગયાં, એવા સમાચાર આપણે જોતા હોઈએ છીએ. વૃક્ષોનું જતન કરવું જોઈએ, એ ફક્ત વાત ન રહેતાં વર્તન સુધી તેને લઈ જઈએ. પાંચ વર્ષ પહેલાંની એક વાત કરું તો, ઘર જૂનું થયું હોવાથી વારંવાર રીનોવેશન માગતું હતું, અને એક દિવસ સ્લેબ પડતા અંતે પડાવવાનો નિર્ણય લીધો, પરંતુ આંગણાનાં બે વડીલ આસોપાલવ નું શું કરવું? એ એક મોટો પ્રશ્ન આવીને ઉભો રહ્યો!પણ બધાએ નક્કી કર્યું કે એ કપાવવા નથી, અને આજે પણ એ અડીખમ ઊભા છે, ટ્રક, બુલડોઝર ને ટ્રેક્ટર બધાથી તેને બચાવવા એ ખરેખર અઘરૂ પડતું હતું ,પણ પુજ્ય બાપુનું એક વાક્ય કામ કરી ગયું કે, તમારા આંગણામાં ઉભેલા મોટા મોટા વૃક્ષો એ તમારા આંગણાંમાં ઉભેલા ઋષિ છે, તેનું એ રીતે ધ્યાન રાખવું કે ઉછેર કરવો,અને બંને ત્યાં સુધી ડાળ પણ ન કાપવી. ટૂંકમાં અન્ય કોઈ શું કરે છે? કે કંઈ જ નથી કરતાં! એ જોયા વગર આપણે હવે શું કરી શકીએ તેમ છીએ? તે વાત પર ફોક્સ આપવું પડશે, અને બને તેટલું વન્ય સંરક્ષણ એટલે વનસ્પતિનાં ઉછેર તરફ ધ્યાન કેન્દ્રિત કરીને, વધુ ને વધુ ફૂલ છોડ ને વૃક્ષ વાવીને તેનો ઉછેર કરવો પડશે. આજકાલ તો ટેરેસ ગાર્ડનની પણ ફેશન બની છે,પરંતુ ફેશનનો એક અર્થ દેખાડો એવો થાય છે, એટલે દેખાડાની વૃત્તિથી નહીં, પણ ખરેખર વન્ય સંરક્ષણની નીતિથી જે કંઈ થાય એ કર્મ કરીને આપણું અસ્તિત્વ બચાવવા હવે ઝઝૂમવું પડશે. જય હિન્દ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

જન્મ લે તેનું મૃત્યુ નિશ્ચીત હોય, પણ ક્યારે ક્યાં કેવી રીતે આવે કાળનું તેડુ એ કોઇને ન ખબર હોય

# મેહુલનગરમાં ડાઘુ તરીકે આવેલા પ્રૌઢનું હૃદય બેસી જતાં મોત

## મચ્છર ભગાડવા ધુમાડો કરવા કોથળો સળગાવતાં દાઝેલા વૃદ્ધાએ ધુળેટીના દિવસે દમ તોડ્યોઃ તેમની અંતિમવિધીમાં મેટોડાથી આવેલા સગા ઘર બહાર ઢળી પડ્યાઃ ડાવેરા-સબાડ પરિવારોમાં ગમગીની

રાજકોટઃ જીવન અને મૃત્યુ એ માનવીના જીવનની એક વણલખાયેલી હકિકત છે. જન્મ લેનારનું મૃત્યુ નિશ્ચીત જ હોય છે પરંતુ મૃત્યુ ક્યારે ક્યાં કેવી રીતે આવી જાય તેના વિશે માણસ જાણતો હોતો નથી. આવી વધુ એક ઘટના બની ગઇ છે જેમાં એક વૃધ્ધાની અંતિમવિધીની તૈયારી ચાલી રહી હતી ત્યારે આ વિધીમાં સામેલ થવા આવેલા સદસ્યનું હૃદય બેસી જતાં મોત નિપજ્યું હતું. એક સ્વજનની હજુ તો અરથી ઉઠી નહોતી, ત્યાં બીજા સગા ઢળી પડતાં પરિવારોમાં કલ્પાંત સર્જાયો હતો. આ ઘટના શહેરના મેહુલનગર વિસ્તારમાં બની હતી. જેમાં દાઝી જવાથી ધુળેટીના દિવસે મૃત્યુ પામનારા વૃધ્ધાની અંતિમયાત્રામાં સામેલ થવા મેટોડાથી આવેલા વેવાઇ પક્ષના સગા એવા પ્રૌઢ ઘર બહાર ઢળી પડ્યા બાદ મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ પર મેહુલનગરમાં રહેતાં જસુબેન લાખાભાઇ ડાવેરા





**અન્ય બનાવમાં ઉંઘ ન આવવાની બિમારીથી કંટાળી મહિલાએ એસિડ પી જિંદગી ટુંકાવી!**

નામના એંસી વર્ષના વૃધ્ધાએ હોળીની સાંજે આઠેક વાગ્યે ઘરમાં મચ્છરો હોઈ તેને ભગાડવા માટે ધુમાડો કરવા કોથળો સળગાવતાં અચાનક મોટો ભડકો થતાં તે લપેટમાં આવી જતાં દાઝી ગયા હતાં. તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ધુળેટીની સવારે તેમનુ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, તૌફિકભાઇએ ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર જસુબેનને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. બનાવથી ડાવેરા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બીજી તરફ પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહને અંતિમવિધી માટે મેહુલનગરના નિવાસ્થાને લઇ જવાયો હતો.

મેહુલનગર ખાતેથી સ્મશાન યાત્રા નીકળવાની હોઇ સગા સંબંધીઓ મોટી સંખ્યામાં અંતિમયાત્રામાં સામેલ થવા આવી પહોંચ્યા હતાં. જેમાં મેટોડા જીઆઇડીસી રીયલ હાઇટ્સ ગેઇટ-સી સામે રહેતાં મૃતક જસુબેનના વેવાઇ પક્ષમાં થતાં આયદાનભાઇ મૈસુરભાઇ સબાડ નામના અઠાવન વર્ષના સગા પણ મેટોડાથી રાજકોટ આવ્યા હતાં. તેઓ મૃતક જસુબેનના ઘરની બહાર બેઠા હતાં ત્યાં જ એકાએક ઢળી પડ્યા હતાં. તુરત જ બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર આયદાનભાઇ જેસીબી, હીટાચીનો વ્યવસાય કરતાં હતાં. તેઓ ચાર ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે.

આ ઘટનાઓને પગલે ડાવેરા અને સબાડ પરિવારોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આમ એક સ્વજનની અંતિમયાત્રાની તૈયારી ચાલી રહી હતી ત્યારે ડાઘુ તરીકે સામેલ થવા આવેલા સદસ્યનું હૃદય બેસી જતાં મૃત્યુ નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

અપમૃત્યુની અન્ય એક ઘટના જોઇએ તો પોરબંદરના દેગામ ગામે રહેતાં ભાવનાબેન મેઘજીભાઇ ઘેડીયા નામના પચાસ વર્ષના મહિલાએ એસિડ પી લેતાં પોરબંદર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ હોળીની રાતે તેમનું મૃત્ય નિપજતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. જાણવા મળ્યા મુજબ ભાવનાબેને ઘરે એસિડ પી લેતાં વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ સારવાર કારગત ન નીવડતાં દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બગવદર પોલીસને જાણ કરી હતી.

આપઘાત કરનારા ભાવનાબેનને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પતિ મેઘજીભાઇ ફર્નિચરનું કામ કરે છે.

તેમના પુત્રએ જણાવ્યું હતું કે માતાને સતત ઉંઘ આવવાની બિમારી હતી.

આના કારણે તેઓ કંટાળી ગયા હોઈ આ પગલુ ભરી લીધુ હતું. બગવદર પોલીસે વિશેષ કાર્યવાહી કરી હતી.

રંગોના પર્વ લોહીયાળ બન્યાઃ રાજકોટ જીલ્લા-અમરેલીમાં યુવાન અને પરિણીતાની લોથ ઢળી

# દોઢ મહિના પહેલા પ્રેમલગ્ન કરનારા કણકોટના યુવાનની ક્રુર હત્યા

## લગ્ન બાદ અઠ્ઠાવીસ વર્ષનો રવિ મકવાણા પત્નિ પૂજા સાથે જેતપુર રહેવા ગયો હતોઃ બે દિવસ પહેલા જ પારડી પૂજાના માવતરના ગામમાં રહેવા આવ્યો હતોઃ પૂજાના પુર્વ પ્રેમીએ પતાવી દીધાની શંકાએ તપાસનો ધમધમાટ

રાજકોટઃ હોળી ધુળેટીનું પર્વ રાજકોટ અમરેલી પંથકમાં લોહીયાળ બન્યું હતું. રાજકોટ જીલ્લાના લોધીકા તાબેના પારડી ગામે અઠ્ઠાવીસ વર્ષના યુવાનની છરી કે તિક્ષણ હથીયારના નવ જેટલા ઘા ઝીંકી હત્યા કરાઇ હતી. દોઢ મહિના પહેલા જ આ યુવાને લવમેરેજ કર્યા હતાં. જેની સાથે લવમેરેજ કર્યા હતાં એ યુવતિએ અગાઉ પ્રથમ પતિ સાથે છુટાછેડા લીધા હતાં, પછી બીજા યુવાન સાથે મૈત્રીકરારથી રહી હતી અને હવે આ યુવાન સાથે પ્રેમલગ્ન કરી પારડીમાં રહેતી હતી. હત્યા તેણીના પુર્વ પ્રેમીએ કર્યાની શંકાએ તપાસ શરૂ થઇ છે. હત્યાની બીજી એક ઘટનામાં લાઠીમાં પતિએ પત્નિના ચારિત્ર્ય પર શંકા કરી ગળા-પેટમાં છરાના ઘા ઝીંકી ખૂનની હોળી ખેલી હતી. આ બંને ઘટનામાં પ્રેમપ્રકરણ આડાસંબંધની શંકા કારણભુત બની હતી.

હત્યાની પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલા કણકોટના મુળ વતની અને દોઢ મહિના પહેલા જ લોધીકા તાબેના પારડી ગામની યુવતિ સાથે લવમેરેજ કરનારા અઠ્ઠાવીસ વર્ષના યુવાનની રાતે પારડીના પૂલ પાસે છરી કે તિક્ષણ હથીયારના આઠ નવ જેટલા ઘા ઝીંકી હત્યા કરાયેલી લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ છે. શાપર પોલીસે તપાસ શરૂ કરી








**પૂજાના પ્રથમ પતિથી છુટાછેડા બાદ તેણીએ ઉપલેટાના શખ્સ સાથે મૈત્રીકરાર કર્યા હતાંઃ હવે રવિ સાથે લગ્ન કર્યા હતાંઃ પૂજાની પણ થશે પુછપરછઃ રવિ માતા-પિતાનો એકનો એક દિકરો હતો**

હતી. વધુ માહિતી અનુસાર મુળ કણકોટની એકલવ્ય સોસાયટી મફતીયાપરામાં રહેતો અઠ્ઠાવીસ વર્ષનો રવિ દિલીપભાઇ મકવાણા હાલમાં પારડી ગામે રૂમ રાખીને પત્નિ પૂજા ઉર્ફ પૂનમ સાથે રહેતો હતો. રાતે તેની લાશ પારડીના પૂલ પાસે પડી હોવાની જાણ થતાં શાપર પોલીસ મથકના પીએસઆઇ વી. જી. જેઠવા સહિતના સ્ટાફે દોડી જઇ તપાસ શરૂ કરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

હત્યાના બનાવની જાણ થતાં મૃતક રવિના માતા હંસાબેન, પિતા દિલીપભાઇ હીરાભાઇ મકવાણા સહિતના પરિવારજનો હોસ્પિટલે દોડી આવ્યા હતાં. પરિવારજનોએ કહ્યું હતું કે-રવિ બે બહેનનો એકનો એક મોટો ભાઇ હતો અને અગાઉ છુટક મજૂરી

**હત્યાની બીજી ઘટનામાં લાઠીમાં પરિણીતાને પતિએ ચારિત્ર્ય પર શંકા કરી ગળા-પેટમાં છરાના ઘા ઝીંકી રહેંસી નાંખી**

કરતો હતો. તેણે દોઢ મહિના પહેલા જ પારડીની પૂજા ઉર્ફ પૂનમ સાથે પ્રેમ થઇ જતાં બંનેએ લવમેરેજ કર્યા હતાં. એ પછી બંને થોડા દિવસ કણકોટ અમારી સાથે રહ્યા હતાં. બાદમાં જેતપુરમાં કારખાનામાં કામ મળ્યું હોઇ ત્યાં રૂમ રાખીને રહેવા જવાનું કહીને કણકોટથી જેતપુર રહેવા ગયા હતાં.

જો કે ત્યાંથી બે ત્રણ દિવસ પહેલા જ બંને ફરી પારડી પૂજાના માવતરના ગામમાં રૂમ રાખીને રહેતાં હતાં. ધુળેટીની રાતે રવિને કોઈપણ રીતે બોલાવી જઇ કે દગાથી આંતરીને હત્યા કરી નાખવામાં આવી હતી. તેના શરીર પર અલગ અલગ જગ્યાએ તિક્ષણ હથીયારના આઠથી નવ જેટલા ઘા છે. માતા-પિતાએ આક્ષેપ કર્યો હતો કે રવિએ જેની સાથે લવમેરેજ કર્યા હતાં એ પૂજાના પ્રથમ લગ્ન અનીડાવાછડાના યુવાન સાથે થયા હતાં. પહેલા લગ્નથી તે એક સંતાની માતા બની હતી. એ પછી તેણીએ છુટાછેડા લીધા હતાં અને બાદમાં ઉપલેટાના આહિર શખ્સ સાથે મૈત્રીકરારથી રહેતી હતી.

રવિના માતા-પિતા સહિતના પરિવારજનોએ કહ્યું હતું કે છેલ્લે અમારા દિકરા રવિ સાથે દોઢેક મહિના પહેલા પ્રેમલગ્ન કર્યા હતાં. આ વાત તેણીના પુર્વ પ્રેમી એવા ઉપલેટાના શખ્સને ગમતી ન હોઇ જેથી તેણે અગાઉ રવિને મારી નાખવાની ધમકી પણ આપી હતી. આથી અમને શંકા છે કે પૂજાના પુર્વ પ્રેમીએ જ આ હત્યા કરી છે. શાપર પોલીસે આ મામલે ગુનો નોંધવા અને આરોપી અંગે તપાસ કરવા તજવીજ હાથ ધરી છે.

યુવાન દિકરાની હત્યાથી પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો હતો. હત્યાનો ભેદ ઉકેલવા શાપર પોલીસ રૂરલ એલસીબીની ટીમો કામે લાગ્યા છે. યુવાન દિકરાની હત્યાથી મકવાણા પરિવાર શોકમાં ગરકાવ થઇ ગયો હતો.

જ્યારે બીજી ઘટનામાં લાઠીમાં હત્યા થઇ હતી.

જેમાં પત્નિના ચારિત્ર્ય પર શંકા કરી પતિએ તેને ક્રુરતાથી પતાવી દીધી હતી. અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં ધુળેટીના દિવસે એક દર્દનાક ઘટના સામે આવી છે. ગુલાબભાઈ કરીમભાઈ સમાએ તેમની છવ્વીસ વર્ષીય પત્નિ રેહાનાની છરા વડે હત્યા કરી નાખી છે. ધુળેટીના દિવસે જ પતિએ લોહીની હોળી ખેલી હતી. પોલીસ ફરિયાદ મુજબ આ ઘટના પાછળનું કારણ પત્નિના અન્ય પુરુષ સાથેનો સંબંધ હોવાની શંકા હતી. પતિએ આવી શંકાને કારણે ખુની ખેલ ખેલ્યો હતો. થોડા સમય પહેલા પત્નિ રેહાનાનો હાથ પકડીને એક યુવક દુકાન પાસે ભો હતો, જે પરિણીતાના સસરાએ જોયું હતું.

આ વાતની જાણ પતિ ગુલાબને થતાં બંને વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ ગુલાબભાઈએ પહેલા છૂટાછેડા લેવાની વાત કરી હતી.

જોકે, પરિવારજનોની સમજાવટથી બંને વચ્ચે સમાધાન થયું હતું. પરંતુ આજે ઘરમાં બંને એકલા હતા ત્યારે ગુલાબભાઈએ રેહાનાબેનના ગળા અને પેટના ભાગે છરીના ઘા મારી હત્યા કરી નાખી હતી.

હત્યાની ઘટનાને પગલે લાઠી પોલીસ અને એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પોલીસે આરોપી પતિ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો છે. ઈન્સપેક્ટર એસ.એમ. સોનીના નેતૃત્વમાં આરોપીને ઝડપી લઇ હથીયાર કબ્જે કરવા તજવીજ કરવામાં આવી હતી.

# લોકમેળાનું સ્થાન બદલવા સહિત અનેક મુદ્દાઓ ફરિયાદ સંકલનમાં ચર્ચાયા

## માર્ચ માસની ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાય

રાજકોટ, તા. ૧૫

લોકોની સુખાકારી અને સલામતી જળવાઈ રહે તે માટે વિવિધ વિભાગો દ્વારા વિકાસ કાર્યો કરવામાં આવતા હોય છે એટલું જ નહીં સરકારના પ્રતિનિધિઓ અને પદાધિકારીઓ પણ દર માસ કામગીરી અંગે મંત્રણા કરતા હોય છે ત્યારે ગઈકાલે કલેક્ટર પ્રભાવ જોશીના અધ્યક્ષ સ્થાને રાજકોટ જિલ્લાની માર્ચ માસની ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં અનેકવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને સંબંધિત વિભાગના અધિકારીઓને તાકીદે સૂચિત કરી પડતર કામોને

**આધાર કાર્ડમાં સુધારા કરવા માટેના તથા આયુષ્માન કાર્ડ કઢાવવાના શહેરમાં કાર્યરત કેન્દ્રો,જન્મ - મરણના દાખલા કઢાવવાની કામગીરી ઝડપી બનાવવા અપાયા આદેશ**




ઝડપભેર પૂર્ણ કરવા માટેના આદેશો પણ આપવામાં આવ્યા હતા. આ તકે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત ટોચના અધિકારીઓ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકના પ્રારંભે નિવાસી અધિક કલેકટર એ.કે. ગૌતમે ઉપસ્થિતોને આવકાર્યા હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણી, સંસદસભ્ય રામભાઇ મોકરીયા, ધારાસભ્યયો સર્વે દર્શિતાબેન શાહ, મહેન્દ્ર પાડલીયા અને રમેશભાઈ ટીલાળાએ રજૂ કરેલા વિવિધ પ્રશ્નો અંગે ઝડપી કાર્યવાહી કરવા કલેક્ટરે સંબંધિત વિભાગના અધિકારીઓને આદેશ આપ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણીએ રજુ કરેલા વિવિધ પ્રશ્નો જેવા કે, અરવિંદ મણિયાર હોલ-જયુબીલી ગાર્ડન-લેંગ લાઈબ્રેરીના રીનોવેશન, આધાર કાર્ડમાં સુધારા કરવા માટેના તથા આયુષ્માન કાર્ડ કઢાવવાના શહેરમાં કાર્યરત કેન્દ્રો,જન્મ - મરણના દાખલા કઢાવવાની કામગીરી વગેરે અંગે આ બેઠકમાં સવિસ્તર ચર્ચા કરવામાં આવી હતી. જયારે ધારાસભ્ય દર્શિતાબેન શાહે શહેરમાં અશાંતધારા અને ઈ કે.વાય. સી.ની કામગીરી, લોકમેળાનું સ્થાન બદલવા, જર્જરિત અને વણવપરાયેલી મિલકતો, શહેરમાં ચાલતા ગેરકાનૂની કતલખાના વગેરે બાબતે આ બેઠકમાં રજૂઆત કરી હતી, જે અંગે સત્વરે કાર્યવાહી કરવા કલેક્ટરે સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

આ ઉપરાંત, ધોરાજી અને ઉપલેટામાં કન્ડમ થયેલા સરકારી ક્વાર્ટર્સને પાડવાની કામગીરી, રાજકોટ-અમદાવાદ હાઇવેની કામગીરી, રાજકોટ એરપોર્ટ પરથી ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ કરવા, વગેરે અંગે આ બેઠકમાં ચર્ચા થઈ હતી આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, પોલીસ અધિક્ષક હિમકર સિંહ, ડી.સી.પી. જગદીશ બંગારવા, પ્રાંત અધિકારીઓ મહેક જૈન, રાહુલ ગમારા, એન.એમ. તરખલા અને આર.આર.ખાંભરા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, રૂડાના ચેરમેન ગૌતમ મિયાણી, નાયબ મ્યુનિસિપલ કમિશનર હર્ષદ પટેલ, નાયબ કલેક્ટર દિલીપસિંહ વાળા અને ઈશિતા મેર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ગોહિલ, આયોજન અધિકારી નીતિન ટોપરાણી, જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, જી.એસ.આર. સી.ટી.ના વિભાગીય નિયામક કલોતરા, સહિત ફરિયાદ અને સંકલન સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ધુળેટીએ કોઇએ રંગ ઉડાડ્યા, કોઇએ ધોકા-પાઇપ

**બટાઝટીની ડઝનેક ઘટના : બેડીપરા સગર શેરીમાં કાકા-ભત્રીજાને ભરવાડ શખ્સોએ ફટકારી હાથ-પગ ભાંગી નાંખ્યાઃ રૈયાધારમાં ગાળો બોલવા મામલે ઇંટોના ઘા-એકનો હાથ ભાંગ્યો- કુલ સાતને ઇજાઃ કાલાવડ રોડ રેસ્ટોરન્ટ પાસે પારકા ઝઘડામાં વચ્ચે પડતાં યુવાનને છરીના ઘાઃ શહેરભરમાં નાની નાની વાતે મારામારી થતાં તમામે સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી**

રાજકોટઃ હોળી-ધુળેટીના તહેવારમાં ઘણા લોકો રંગે રમ્યા હતાં, એક બીજા પર રંગ ઉડાડ્યા હતાં તો કેટલાકે ધોકા-પાઇપ-ઇંટ-પથ્થર ઉલાળ્યા હતાં. આવી અડધો ડઝનથી વધુ ઘટનામાં અનેકના માથા રંગાયા હતા, કેટલાકના હાથ પગ ભાંગ્યા હતાં. બેડીપરામાં અકસ્માત મામલે ભરવાડના છોકરાનું નામ લેવા મામલે સગર શેરીના કાકા-ભત્રીજાના હાથ-પગ ભાંગી નખાયા હતાં. રૈયાધારમાં ગાળો બોલવા મામલે મારામારી થતાં ઇંટોના ઘા કરી પાવડાના હાથાથી મારામારી થતાં સાતને ઇજા થઇ હતી. કાલાવડ રોડ પર પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન પર છરીથી હુમલો થયો હતો.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ બી-ડિવીઝન પોલીસે બેડીપરા સગર શેરીમાં ગંગેશ્વર રોડ પર રહેતાં અને સંત કબીર રોડ પર ગેરેજ ચલાવતાં સાગર અશોકભાઇ મકવાણા નામના અઠ્ઠાવીસ વર્ષની ફરિયાદ પરથી બેડીપરા નજીકની ખીંટ શેરીમાં રહેતાં મુન્નો ખીંટ, વંશ ભાવેશભાઇ ભરવાડ, અમિત ભરવાડ અને વિક્કી ભરવાડ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. સાગર મકવાણાએ કહ્યું હતું કે ધુળેટીની રાતે આઠેક વાગ્યે હું ઘરે હતો ત્યારે અમારી શેરીમાં કેટલાક માણસો જોર જોરથી અવાજ કરતાં હોઇ હું નીચે જોવા જતાં મારા મકાનના બીજા માળે રહેતાં મારા સગા કાકા ઓગણપચાસ વર્ષના સુરેશભાઇ બાબુભાઇ મકવાણા સાથે અમારા લત્તામાં ખીંટ શેરીમાં રહેતો મુન્ના ભરવાડ, વંશ અને અમિત તથા વિક્કી ઝઘડો કરતાં હોઇ હું નીચે ગયો હતો.

બાદમાં મેં મારા કાકાને ઝઘડાનુ કારણ પુછતાં તેણે કહેલુ કે થોડીવાર પહેલા હું ભાવનગર રોડ પર હતો ત્યારે કોઇ વાહન અકસ્માત થયો હોઇ જેમાં મને કોઇએ પુછેલુ કે અકસ્માત કોણે કર્યો? જેથી મેં કોઇ ભરવાડનો છોકરો હતો તેમ કહ્યું હતું. આ બાબતનું મનમાં રાખી મુન્નો, વંશ સહિત ચારેયએ મને બોલાવી તું કેમ ભરવાડનું નામ લે છે? કહી જઘડો કર્યો હતો. બાદમાં જતાં રહ્યા હતા. આ વાત મારા કાકાએ મને કરી હતી. ત્યારપછી રાતે પોણા દસેક વાગ્યે મારા કાકા ઘર નજીક નંદાણી નિવાસ પાસે ઉભા હતાં ત્યારે વંશ સહિતના ચરોયએ આવી મારા કાકાને ગાળો દઇ ધોકાથી હુમલો કર્યો હતો. હું તથા મારા કાકાનો દિકરો અંકિત ત્યાં જતાં મુન્નાએ ધોકાથી હુમલો કરી મારા કાકાને બેફામ માર મારી મને પણ ફટકાર્યો હતો અને ગાળો દઇ ઢીકાપાટુ પણ માર્યા હતાં.

માથાકુટ મારામારીને કારણે દેકારો થતાં આ ચારેય ભાગી ગયા હતાં. પછી મારા ઘરના સભ્યો આવી જતાં ૧૦૮ બોલાવી મને અને મારા કાકાને



હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. જેમાં નિદાન થતાં મને ડાબા ઘુંટણમાં અને મારા કાકા સુરેશભાઇને જમણા હાથના પંજામાં ફ્રેકચર હોવાનું ડોક્ટરે કહ્યું હતું. તેમ વધુમાં સાગર મકવાણાએ જણાવતાં બી-ડિવીઝનના પીએસઆઇ એમ. એન. પીઠીયાએ ફરિયાદ દાખલ કરી હતી.

બીજા બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મફતીયાપરા મચ્છુ ક્વાર્ટર સામે દશામાના મંદિર નજીક ઝૂપડામાં રહેતાં જયંતિ ભાઇચંદભાઇ ઘઘાણીયા, તેના ભાઇ, ભાભી સહિતના પર હુમલો થયો હતો. પોલીસે જયંતિભાઇની ફરિયાદ પરથી તેના પડોશી અશોક ગીધાભાઇ, બચુ અને વાલજી સામે ગુનો નોંધ્યો છે. જયંતિ લાદી કામની મજુરી કરે છે. તેણે જણાવ્યું હતું કે ધુળેટીની બપોરે હું, મારી પત્નિ સુરેખા મારા ભોટા ભાઇ વીરચંદના ઘરે જમવાનું રાખેલ હોઇ ત્યાં જમવા ગયા હતાં. મારો ભાઇ અમારી બાજુમાં જ રહે છે. આ વખતે તેનો પડોશી અશોક, બચુ, વાલજી સહિતના ખોટી રીતે ગાળો બોલતાં હોઇ મારા ભાઇને ગાળો નહિ બોલવા સમજાવતાં આ ત્રણેયએ ઉશ્કેરાઇ જઇ ઇંટના છુટા ઘા કરતાં મને, મારા ભાઇ વિરચંદને અને મારી પત્નિ સુરેખાને ઇજાઓ થઇ હતી. ભત્રીજો વિપુલ વચ્ચે પડતાં તેને પણ મુંઢ માર મારવામાં આવ્યો હતો. તેમજ મારા ભાભી રાધા વિરચંદને પણ ઇજા પહોંચી હતી.

જ્યારે સામા પક્ષે વીસ વર્ષનો અશોક ગીધાભાઇ કોરી પણ સારવાર માટે દાખલ થયો હતો. તેની ફરિયાદ પરથી પોલીસે વિરચંદ, તેના ભાઇ જયંતિ તેમજ વિપુલ અને અરૂણ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. અશોક છુટક મજૂરી કરે છે. તેણે કહ્યું હતું કે હું ઝૂપડામાં પત્નિ સવીતા સાથે રહુ છું. ધુળેટીના દિવસે બપોરે ત્રણેક વાગ્યે મારા ભાઇ વાલજી, બચુમામા વગેરે ઘર પાસે હતાં ત્યારે જયંતિ, વ્રિચંદ, અરૂણ અંદરો અંદર ઝઘડતા હોઇ હું છોડાવવા જતાં તે વખતે બચુમામા અને વાલજીભાઇ આવી જતાં તે પણ વચ્ચે પડતાં વિરચંદ સહિતે પાવડાના હાથાથી હુમલો કરી મને હાથ, ગરદન નીચે, બચુમામાન અને વાલજીભાઇને ઢીકાપાટુનો માર મારી ધમકી આપી હતી. એએસઆઇ જે. એન. ઝાલાએ ગુનો નોંધ્યો હતો.

ત્રીજા બનાવમાં જેતપુરના જેતલસર ગામના વતની અવધ અરવિંદભાઇ તિવારી નામના ઓગણીસ વર્ષના ફરિયાદ પરથી આયુષ ઉર્ફ રિસ્કી ઠકરાર, પ્રિન્સ, રૂત્વીક અને અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. અવધ તિવારી જેતલસરમાં આશાપુરા માતાજીના મંદિર પાસે રહે છે અને ચાંપરાજપુર ગામે આરબી ટેક્સટાઇલ નામના સાડીના કારખાનામાં મજૂરી કરે છે. તેણે જણાવ્યું હતુ કે ધુળેટીના તહેવારને દિવસે હું અને મારા મિત્રો યુવરાજ, પરબત ઓડેદરા, હિત ગોહેલ એમ બધા રાજકોટ ધુળેટી રમવા આવ્યા હતાં. બપોરે બારેક વાગ્યે અમે કાલાવડ રોડ પર બાંસુરી રેસ્ટોરન્ટમાં જમવા આવ્યા હતાં.

આ વખતે રેસ્ટોરન્ટની બહાર ગેઇટ પાસે ઝઘડો ચાલુ હોઇ હું ત્યાં છોડાવવા ગયો હતો અને ઝઘડો નહિ કરવા સમજાવવા ગયલો અને જે કંઇ તકલીફ હોઇ પુરુ કરવા કહેતાં ચારેક જણાએ મારી સાથે ઝઘડો ચાલુ કરી ગાળો દીધી હતી.

આ ચાર પૈકી એક શખ્સે પોતાનું નામ આયુષ રિસ્કી જણાવ્યું હતુ અને નેફામાંથી છરી કાઢી મને મારવા ઉગામતાં મેં હાથ આડો રાખી દેતાં ટચલી આંગળીમાં ઇજા થઇ હતી. બીજા શખ્સે પોતે પ્રિન્સ હોવાનું કહી એક્સેસની ડેકીમાંથી છરી કાઢી હતી અને મને ડાબા કાંડામાં મારી દીધી હતી. ત્રીજો રૂત્વીક હતો અને તેણે તથા અજાણ્યાએ ઢીકાપાટુ માર્યા હતાં. બાદમાં ચારેયએ મને આડેધડ માર મારી આયુષ ઉર્ફ રિસ્કીએ હવે પછી બીજાના ઝઘડામાં પડતો નહિ કહી બધા ભાગી ગયા હતાં. મને ઇજા થતાં સિવિલમાં ખસેડાયો હતો. તેમ વધુમાં અવધે કહેતાં યુનિવર્સિટી એએસઆઇ વાય. ડી. ભગતે કાર્યવાહી કરી હતી.

મારામારીના અન્ય બનાવમાં મવડી ગામમાં સુનિલ દેવજીભાઇ સાગઠીયાને ગામના સ્મશાન પાસે અજાણ્યા શખ્સે પાઇપથી માર મારી પથ્થર ફટકારી ઇજા કરતાં તાલુકા પોલીસને જાણ કરાઇ હતી. જ્યારે થોરાળા શેરી નં. ૭માં રહેતાં બાદલ કિશોરભાઇ ચાવડાને ઘર પાસે મહેશ, મુકેશ, લાલજી સહિતે માર મારી કાચની બોટલથી ઇજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં થોરાળા પોલીસને જાણ કરાઇ હતી. દુધ સાગર રોડ પર રહેતો શાહબાઝ સલીમભાઇ હીંગોરજા નામનો યુવાન રાતે સિદ્દીકી મસ્જીદ પાસે હતો ત્યારે રીહમ, તન્જીમ, મજીદે છરી-બેલાથી ફટકારતાં સારવાર માટે ખસેડાયો હતો. નવાગામમાં અશોક ચુનીલાલ મહંતોને ધુળેટીની સાંજે ઘર પાસે ટીન્કુ સહિત પાણકા મારી ઇજા પહોંચાડી હતી. ગરૂડ ગરબી ચોકમાં રહેતાં મોઇન આશીફભાઇ બેલીમને રામનાથપરા-૧૮માં રૂત્વીક ભરવાડ અને અજાણ્યાએ ઢીકાપાટુ અને કડાથી માર મારતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો.

## કરણપરામાં કપડાના વેપારીને ત્યાં ચોરના પરોણાઃ સવા ત્રણ લાખની રોકડ ઉસેડી ગયા

**વેપારી પરિવાર સાથે બગસરા વતનમા આટો મારવા ગયા અને ઘરે ચોર મહેમાન બની ગયાં**



રાજકોટઃ તસ્કરોએ તહેવારની ઉજવણી પોતાની કામગીરી બતાવીને કરી હતી. શહેરના કરણપરામાં રહેતાં અને આશાપુરા રોડ પર ડ્રેસની દુકાન ધરાવતાં મુળ બગસરાના વેપારી ધુળેટીનો તહેવાર મનાવવા પત્નિ, બાળકોને લઇ બગસરા માતા-પિતાને ત્યાં જતાં પાછળથી રેઢા પડેલા ફ્લેટમાં ચોર ત્રાટકી ૩ લાખ ૨૫ હજારની રોકડ રકમ ચોરી જતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે મુળ બગસરાના વતની અને હાલ કરણપરા શેરી નં. ૨૬માં વિશાલ એપાર્ટમેન્ટ બીજા માળે ફ્લેટ નં. ૨૦૨માં રહેતાં છેતાલીસ વર્ષના જગદીશભાઇ રાજેન્દ્રભાઇ જોગીની ફરિયાદ પરથી ચોરીનો ગુનો નોંધ્યો છે. જગદીશભાઇ જોગી આશાપુરા મેઇન રોડ પર કાઉ હોટેલ પાસે શ્રીજી ડ્રેસીસ નામે દુકાન ચલાવે છે. તેણે જણાવ્યું હતું કે તેરમીએ હોળીનો તહેવાર પુરો કરી હું મારા માતા બગસરા ખાતે રહેતાં હોઇ ત્યાં ધુળેટીનો તહેવાર કરવા જવા રાતે નવેક વાગ્યે મારા પત્નિ રીમા તથા દિકરા-દિકરીને લઇને મારી કારમાં બગસરા જવા રવાના થયો હતો. રાતે સાડા અગિયારેક વાગ્યે ત્યાં પહોચી ગયો હતો. બીજા દિવસે ધુળેટીના દિવસે બપોરે બે વાગ્યે મને મારા ફ્લેટની ઉપરના માળે રહેતાં મોહિતભાઇ સોનીએ ફોન કરી જણાવેલ કે તમારા ફ્લેટના દરવાજાના નકુચા તૂટેલા છે, દરવાજો ખુલ્લી હાલતમાં છે અને લાઇટ પણ ચાલુ છે તેમ કહ્યું હતું. આથી મેં મારા નાના ભાઇ રાકેશભાઇ જે અમીન માર્ગ પર જાનકી એપાર્ટમેન્ટમાં રહે છે તેને જાણ કરી હતી અને હું પણ પત્નિ બાળકોને લઇ બગસરાથી પરત રાજકોટ આવવા નીકળી ગયો હતો.

સાંજે છએક વાગ્યે અમે રાજકોટ ઘરે પહોંચ્યા હતાં. ઘરમાં ચેક કરતાં દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં ખુરશી પરથી મળ્યો હતો. અમે રૂમમાં તપાકસ રતાં મારા પત્નિને ધંધાના રોકડા રૂપિયા ઘરમાં સાચવવા આપ્યા હોઇ તે રૂા. ૧,૩૫,૦૦૦ કાળા પર્સમાં રાખેલા હતાં તે ગાયબ જણાયા હતાં. તેમજ બાળકોના બચના રૂપિયા ૧,૯૦,૦૦૦ બીજા પર્સમાં હતાં તે પણ ગાયબ હતાં.

આ બંને પર્સ બેડરૂમના મારબલના કબાટમાં કપડાની નીચે મુકેલા હતાં. કુલ રૂા. ૩,૨૫,૦૦૦ની રોકડ તસ્કર ચોરી ગયા હતા. અમારા એપાર્ટમેન્ટમાં સીસીટીવી કેમેરા નથી અને જવા આવવાનો પણ એક જ રસ્તો છે. એ-ડિવીઝનના પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ. એસ. રાણાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

## હડી કાઢીને રોડ પર આવેલો આખલો વાહનમાં અથડાતાં ખેડુત વૃધ્ધનો જીવ ગયો

**મોરબી રોડ પર રહેતાં વૃધ્ધ રાજકોટથી ગવરીદળ વાડીએ જતાં હતાં ત્યારે બેડી માર્કેટ યાર્ડ પાસે બનાવ**




રાજકોટઃ રોડ પર ગમે ત્યારે હડી કાઢીને આવી જતાં ખુંટીયાઓને કારણે અવાર-નવાર અકસ્માત સર્જાતા રહે છે. વધુ એક વખત જીવલેણ અકસ્માત સર્જાયો છે. મોરબી રોડ પર બેડી માર્કેટ યાર્ડ નજીક અચાનક રોડ પર ધસી આવેલો ખૂંટીયો બાઇક સાથે અથડાતાં મોટરસાઇલ સવાર રાજકોટના મોરબી રોડ પર વૃંદાવન સોસાયટી-૨માં રહેતાં ઓગણસિત્તેર વર્ષના સુરેશભાઇ સવદાસભાઇ અજાણીનું ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું છે.

વિગતો જોઇએ તો વૃંદાવન સોસાયટીમાં રહેતાં સુરેશભાઇ અજાણી ગત સત્તરમી ફેબ્રુઆરીના રોજ સવારે સાડા છએક વાગ્યે ઘરેથી મોટરસાઇકલ હંકારીને ગવરીદળ ગામે પોતાની વાડીએ જવા રવાના થયા ત્યારે બેડી યાર્ડ અને મારવાડી કોલેજ વચ્ચે પહોંચતા અચાનક ખૂંટીયો દોડીને રોડ પર આવી ગયો હતો અને બાઇક સાથે અથડાઇ જતાં સુરેશભાઇ બાઇક સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજા પહોંચી હતી. અલગ અલગ હોસ્પિટલમાં સારવાર બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

અહિ ધુળેટીના દિવસે સાંજે દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, ધર્મેન્દ્રભાઇ હુડડ, ભાવેશભાઇ મકવાણા, ચંદ્રસિંહ સહિતે કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સુરેશભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર છે. મોભીના મૃત્યુથી અજાણી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

# છોલેભટૂરેનો ધંધાર્થી 'આટો' મારવા નીકળ્યો ને 'યમદૂત' ભેટી ગયા

**હોળીની રાતે મોરબી રોડ રેડરોઝ હોટલ પાસે હિટ એન્ડ રનની ઘટનામાં બત્રીસ વર્ષના યુવાનનો જીવ ગયોઃ બી-ડિવીઝન પોલીસે વાહનચાલકની શોધખોળ શરૂ કરી**

રાજકોટઃ માણસને મોત ક્યારે કેવી રીતે આવી જાય તે નક્કી હોતું નથી. હિટ એન્ડ રનની વધુ એક ઘટનામાં એક યુવાનો જીવ ગયો છે. મોરબી રોડ વેલનાથપરામાં રહેતો અને મોટા ભાઇ સાથે છોલેભટુરે વેંચી ગુજરાન ચલાવતો મુળ યુપીનો યુવાન પ્રકાશ નંદલાલભાઇ ચૌહાણ હોળીની સાંજે ઘર નજીક આટો મારવા નીકળ્યો ત્યારે અજાણ્યા વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં તેનું મોત થયું હતું. બત્રીસ વર્ષના આ યુવાનના મોતથી એક દિકરાએ પિતાની છત્રછાંયા ગુમાવી દીધી હતી.

અરેરાટી ભર્યા આ બનાવની વિગતો જોઇએ તો બી-ડિવીઝન પોલીસે વેલનાથપરા રેડ રોઝ હોટલ પાછળ સાગર પાર્ક-૪માં પરેશભાઇ ગઢીયાના મકાનમાં ભાડે થી રહેતાં મુળ અખરૈયા ગામ જી. સિધ્ધાર્થનગર ઉત્તરપ્રદેશના સુભાષ નંદલાલ ચૌહાણ નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધ્યો છે. સુભાષે જણાવ્યું હતું કે હું રાજકોટ રહી મોરબી રોડ જકાત નાકા પાસે છોલેભટુરેની રેંકડી રાખી સવારના સાતથી સાંજના ચાર સુધી ધંધો કરી ગુજરાન ચલાવુ છું.



મારી સાથે મારો નાનો ભાઇ પ્રકાશ ચૌહાણ પણ રહેતો હતો અને તે પણ મારી સાથે છોલે ભટુરે વેંચતો હતો. પ્રકાશના છુટાછેડા થઇ ગયા હતાં. તેને સંતાનમાં નવ વર્ષનો દિકરો છે.

સુભાષે વધુમાં કહ્યું હતું કે હોળીની સાંજે પોણા સાતેક વાગ્યે હું જમવાનું બનાવતો હતો ત્યારે પ્રકાશ આટો મારવા જવાનું કહીને નીકળ્યો હતો. એ પછી પોણા આઠેક વાગ્યે એક અજાણ્યા ભાઇએ મારા ઘરે આવી કહેલુ કે તમારા ભાઇ પ્રકાશને મોરબી રોડ રેડરોઝ હોટલ પાસે અકસ્માત નડ્યો છે. આથી હું તુરત ત્યાં પહોંચ્યો હતો. લોકોનું ટોળુ હતું અને ૧૦૮ પણ આવી ગઇ હતી. જેમાં હું મારા ભાઇને સિવિલ હોસ્પિટલે લઇ ગયો હતો. જો કે સારવાર દરમિયાન તેનું મોડી રાતે સવા ત્રણેક વાગ્યે મોત થયું હતું. કોઇ અજાણ્યા વાહનનો ચાલક તેને ઠોકરે લઇ ભાગી ગયો હતો. સારવારમાં મારા ભાઇનું મોત થયું હતું. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, તૌફિકભાઇ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ જાણ કરતાં બી-ડિવીઝનના એએસઆઇ જે. એમ. ઝાલાએ ફરિયાદ દાખલ કરી જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયલા વાહનચાલકની શોધખોળ શરૂ કરી હતી.

## રૈયામાં ૧૩ વર્ષના અમનને માતાનો ઠપકો આકરો લાગતાં ગળાફાંસો ખાઇ આપઘાત



રાજકોટઃ આત્મહત્યાના એક બનાવમાં રૈયા ગામમાં રહેતાં તેર વર્ષના વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધુ હતું. રૈયા ગામના સ્મશાન પાસે રહેતાં અમન અકબરભાઇ શેખ નામના તેર વર્ષના ટાબરીયાએ સવારે દસેક વાગ્યે ઘરે પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમા ખસેડાયો હતો. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર અમન બે ભાઇમાં મોટો હતો અને ધોરણ-૬માં અભ્યાસ કરતો હતો. તેના પિતા કલરકામની મજૂરી કરે છે. તે જીદ્દી સ્વભાવનો હતો. માતાએ તેને ખોટી સંગત છોડી દેવાનું કહી ઠપકો આપતાં માઠુ લાગી જતાં આ પગલુ ભરી લીધાનું સગાએ જણાવતાં પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

### અવસાન નોંધ

**રાજકોટ :** ચતુર્વેદી મચ્છુ કાઠીયા મોઢ બ્રાહ્મણ મૂળ કોટડા નાયાણી હાલ ચીખલી-નવલખી કિશોરભાઈ કામેશ્વર પંડ્યાના ધર્મપત્ની રેખાબેન(ઉં.વ. ૭૬) તે સ્વ. ભગવાનજીભાઈ મણિશંકર પંડ્યા(રાજકોટ), સ્વ. જન્મશંકરભાઈ રાજારામ પંડ્યા(વાંકાનેર)ના નાનાભાઈના પત્ની, સ્વ. પદમાબેન હીરાલાલ દવે, સ્વ. સગુણાબેન ઝવેરીભાઈ ત્રિવેદી, સ્વ શોભનાબેન અશ્વિનભાઈ ત્રિવેદી, સ્વ અરુણાબેન સતિષભાઈ પંડ્યાના ભાભીનું તા. ૧૩ નારોજ અવસાન થયું છે, ઉઠમણું તેમજ પિયર પક્ષનું બેસણું તા. ૧૭ને સોમવારે, સાંજે ૪ થી ૫, ચતુર્વેદી મચ્છુ કઠીયા મોઢ બ્રાહ્મણ વાડી, સાવસર પ્લોટ, જૂના બસડેપોની સામેની શેરી, મોરબી ખાતે રાખેલ છે.

**ગોંડલ :** ગોંડલ નિવાસી – ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ દેવ્યાનીબેન(ઉ.વ. ૭૯) તે સ્વ.જયંતીલાલ ડી. જોશીના ધર્મપત્ની, સ્વ. દર્શનભાઈ જોશી, દેવાંગભાઈ જોશીના માતા, કીર્તન, ઋતમના દાદીનું તા.૧૫ ના રોજ અવસાન થયું છે. બેસણું સોમવાર તા.૧૭ના રોજ તેમના નિવાસ સ્થાન "૬ – યોગીનગર , અક્ષરમંદિર મેઈન રોડ " પર સાંજે ૪:30 થી ૬:30, ગોંડલ ખાતે રાખેલ છે.

# ખેતી બેંક વિકસિત ભારતના ખેડૂતોની બેંક : ડો. માંડવીયા



**ભારત સરકારના શ્રમ-રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવીયા અમદાવાદમાં ખેતી બેંકની મુલાકાતે**

રાજકોટ મિરર, અમદાવાદ તા. ૧૫

ખેતી બેંક, અમદાવાદના ચેરમેન ડોલરભાઈ કોટેચાના નિમંત્રણને સ્વીકારી કેન્દ્રિય શ્રમ અને રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવીયા દ્વારા બેંકની સૌજન્ય મુલાકાત લેવાઈ હતી. આ કાર્યક્રમમાં રાજ્યસભાના સભ્ય મયંકભાઈ નાયક તેમજ ગુજરાત પ્રદેશ સહકારીતા સેલના સંયોજક બિપિનભાઈ પટેલ (ગોતા) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત એક પ્રેરણાદાયી ડોક્યુમેન્ટરી સાથે થઈ, જેમાં ખેતી બેંકની છેલ્લા ત્રણ વર્ષની નોંધપાત્ર સિદ્ધિઓ દર્શાવવામાં આવી, જે ગ્રામીણ બેંકિંગમાં પ્રગતિ અને ખેડૂતોને સશક્ત બનાવવા માટેની તેની પ્રતિબદ્ધતાને પ્રદર્શિત કરે છે.આ મહત્વપૂર્ણ કાર્યક્રમ થકી ખેતી બેંક તેની યાત્રામાં એક નવા અધ્યાયની શરૂઆત કરે છે, જે ભારતના ખેડૂત સમુદાયના વિકાસ અને સશક્તિકરણમાં મુખ્ય અને મજબુત ભૂમિકા ભજવનાર છે.

મનસુખભાઈ માંડવિયાએ તેઓના સંબોધનમાં જણાવેલ કે ખેતી બેંક સાચા અર્થમાં વિકસિત ભારતના ખેડુતોની બેંક હોય તેવું લાગી રહ્યું છે. એગ્રીકલ્ચર ક્ષેત્રમાં દિવસે ને દેવસે ખુબ પ્રગતિ થઈ રહી છે જે ખેતી બેંકની મુલાકાત લેતા દેખાઈ રહી છે. વિશ્વમાં ખેતીની જમીન ઓછી થતી રહી છે તેની સામે ભારતમાં દરેક રાજ્યમાં એક વર્ષમાં હજી પણ ત્રણ પાક લઈ શકાય છે. દેશની મુખ્ય નદીઓને એકબીજા સાથે લિંક કરીને તેના પાણીથી આખા દેશની જમીન ફળદ્રુપ કરી શકાય તેવી ક્ષમતા આપણી પાસે છે અને આપણુ ગુજરાત તેનું મોડેલ છે. ગુજરાતના સરદાર સરોવરનું પાણી ભાવનગર સુધી પહોંચે છે અને પાલીતાણાનો ડેમ અને અમૃત સરોવર નર્મદાના નીરથી ભરેલું રહે છે.

ખેતીમાં હવે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થવા લાગ્યો છે, આધુનિક બિયારણ આવી રહ્યું છે, ખેતી બેંક જેવું સારૂ મેનેજમેન્ટ આવી રહ્યું છે અને કો-ઓપરેટીવ બેંકો પણ નફો કરતી થઈ છે. રાજ્યના ખેડુતો પણ હવે ખુબ જાગૃત થયા છે. ખેતી બેંકની લોનથી ખેડુતોના નાના-મોટા પ્રસંગો પણ પાર પડતા હોય છે. ડો. મનસુખભાઈએ આગવી રીતે ખેતી બેંકના પ્રયાસોને વધુ મજબુત બનાવવા તેમનું અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું.

બેંકના ચેરમેન ડોલર કોટેચા અને બોર્ડના સભ્યોએ ઉપસ્થિત મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

### ચિલઝડપકારોએ 'કામગીરી' બતાવી હોળીનો તહેવાર ઉજવ્યોઃ પોલીસને મળ્યો પડકાર

# મેરેજ એનીવર્સરીએ પતિ સાથે જમવા જઇ રહેલા વૃધ્ધાના ગળામાંથી ચેઇનની ચિલઝડપ

### આનંદનગર મેઇન રોડ પર ધમધમતા ટ્રાફિકમાં બનાવઃ ડબલસવારીમાં આવેલા બે શખ્સ સુડતાલીસ હજારનો ચેઇન લઇ છુમંતર થઇ જતાં ભક્તિનગર પોલીસે તપાસ આરંભી

રાજકોટઃ કોઇપણ તહેવાર હોય ચોર-ગઠીયા-ચિલઝડપકારો પોતાના લખણ ન ઝળકાવે તેવુ બને જ નહિ. હોળીની રાતે કોઠારીયા રોડથી આનંદનગર મેઇન રોડ પર કોમ્યુનિટી હોલ પાસે પતિના વાહન પાછળ બેસીને હોટેલમાં જમવા જઇ રહેલા વૃધ્ધાના ગળામાંથી મોટરસાઇકલ પર આવેલા બે શખ્સ સોનાનો પેન્ડલ સહિતનો ચેઇન ચિલઝડપ કરીને ભાગી ગયા હતાં. આ વૃધ્ધ દંપતિ પોતાની મેરેજ એનીવર્સરી હોવાથી જમવા માટે નીકળ્યું હતું. દિકરીઓ પણ સાથે હતી. આ વચ્ચે ટ્રાફિકથી ધમધમતા રોડ પર બંને ચિલઝડપકાર પોતાની કામગીરીને અંજામ આપી નાસી છુટયા હતાં.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો હોળીની રાતે કોઠારીયા રોડ આનંદનગર રોડ પર રણછોડદાસબાપુ આરએમસી કોમ્યુનિટી હોલ પાસે ચિલઝડપનો બનાવ બન્યો છે. જેમાં પતિની પાછળ બેઠેલા વૃધ્ધાના ગળામાંથી બે શખ્સ પેન્ડલ સહિત રૂા. ૪૭ હજારનો સોનાનો ચેઇન ખેંચી ભાગી ગયા હતાં. ભક્તિનગર પોલીસે કોઠારીયા રોડ રણુજા મંદિર મેઇન રોડ પર સોમનાથ પાર્ક-૬માં કંચન નામના મકાનમાં રહેતાં પાંસઠ વર્ષના વૃધ્ધ અશોકભાઇ રવજીભાઇ રાઠોડની ફરિયાદ પરથી બાઇક પર આવેલા બે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી બંનેને શોધી કાઢવા ટીમો કામે લગાડી હતી. સીસીટીવી કેમેરા ચેક કરવા



સહિતની કાર્યવાહી સર્વેલન્સની ટીમે શરૂ કરી હતી.

ઘટનાની વિગતો આપતાં અશોકભાઇ રાઠોડે જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને રિધ્ધી સિધ્ધીના નાલા પાછળ આવેલા પીઆર પ્રેસ નામના કારખાનામાં નોકરી કરી ગુજરાન ચલાવુ છું. હોળીના દિવસે એટલે કે તેરમી તારીખે અમારી મેરેજ એનીવર્સરી હોઇ જેથી અમે બધાએ બહાર હોટેલમાં જમવાનું નક્કી કર્યુ હતું. રાતે નવેક વાગ્યે હું મારુ ટુવ્હીલર જીજે૦૩ઇબી-૬૨૦૨ લઇને નીકળ્યો હતો. મારી સાથે મારા પત્નિ કુસુમ રાઠોડ પણ હતાં. અમે ગોંડલ રોડ પર પાઇનવીન્ટા હોટેલ ખાતે જવા નીકળ્યા હતાં. સાથે મારી દિકરીઓ પણ અલગ ટુવ્હીલર પર હતી. અમે કોઠારીયા રોડ થઇ આનંદનગર રોડ પર રણછોડદાસ બાપુ આરએમસી કોમ્યુનિટી હોલ પાસે પહોંચ્યા ત્યારે મારા પત્નિ એકદમ હલતાં મેં વાહન મેં ઉભુ રાખી દીધુ હતું અને તેણીને શું થયું? તેમ પુછતાં તેણે કહેલુ કે પાછળથી કોઇક ગળામાં હાથ નાખી મારો પેન્ડલ સહિતનો ચેઇન આંચકો મારી ખેંચી ગયું છે. એ શખ્સો ડબલસવારમાં બાઇક પર આવ્યા હતાં, નંબર જોઇ શકાયા નથી. તેમ કહેતાં મેં તેણીને વર્ણન પુછતાં એ શખ્સો આશરે ત્રીસથી પાંત્રીસ વર્ષના હોવાનું કહ્યું હતું.

ત્યાર પછી મારી દિકરીરી ને ફોન કર્યો હતો અને અમે પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં. બંને શખ્સો રૂા. ૪૦ હજારનો ચેઇન, ૭ હજારનું પેન્ડલ મળી ૪૭ હજારના દાગીનાની ચીલઝડપ કરી ભાગી ગયા હતાં. તેમ વધુમાં અશોકભાઇએ કહેતાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયાની રાહબરીમાં એએસઆઇ હર્ષાભાઇ કે. માવદીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ તહેવારના દિવસોમાં ચિલઝડપકારો પોતાની સ્ટાઇલથી ઉજવણી કરીને પોલીસને પડકાર ફેંકી ગયા હતાં.

# તારો ભાઇ ક્યાં છે? કહી માયાણીનગરના યુવાન પર લક્ષ્મીનગરમાં છરીથી હુમલો

### હુમલાખોર અવાર-નવાર પૈસા માંગતો હોઇ યુવાને પોતાના ભાઇ વિશે ખબર નહિ હોવાનું કહેતાં ઉશ્કેરાઇ ગયોઃ માલવીયાનગર પોલીસે ગુનો નોંધ્યો



રાજકોટઃ હોળીની રાતે મારામારીની બનેલી ઘટનાઓ વચ્ચે માયાણીનગર ક્વાર્ટરમાં રહેતાં યુવાનને હોળીની રાતે તે તેના ભાઇને તેડવા જતો હતો ત્યારે લક્ષ્મીનગરમાં એક શખ્સે અટકાવી તારો ભાઇ ક્યાં છે? તેમ પુછી ઝઘડો કરી છરીથી હુમલો કર્યો હતો. માલવીયાનગર પોલીસે માયાણીનગર આવાસ યોજના ક્વાર્ટર બ્લોક નં. ૨૪ રૂમ નં. ૨૬૨૬માં રહેતાં એકવીસ વર્ષના અનિકેત સંતોષભાઇ ચૌહાણ (ઉ.વ.૨૧)ની ફરિયાદ પરથી પ્રતાપસિંહ સુખદેવસિંહ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તેને ઝડપી લેવાની કાર્યવાહી હાથ ધરી હતી.

હુમલાનો ભોગ બનેલો અનિકેત માતા-પિતા, ભાઇ, બહેન સાથે રહે છે અને છુટક મજૂરી કરે છે. તેણે જણાવ્યું હતું કે હું હોળીની રાતે સાડા બારેક વાગ્યે મારા ભાઇ સોનુને લેવા માટે જતો હતો ત્યારે લક્ષ્મીનગર પાસે સીટી કોર્નરના ચોકમાં પ્રતાપસિંહ મળતાં મને કહેલુ કે તારો ભાઇ સોનુ ક્યાં છે? જેથી મેં તેને મને ખબર નથી તેમ કહેતાં તેણે નેફામાંથી છરી કાઢી મને જમણા હાથના કાંડા પર ઘા મારી દીધો હતો. લોહી નીકળતાં બૂમાબૂમ કરતાં માણસો ભેગા થઇ જતાં મને છોડાવ્યો હતો. આ પછી પ્રતાપસિંહ ભાગી ગયો હતો. મેં ફોન કરી મારા ભાઇ સોનુને બોલાવ્યો હતો અને બાદમાં અમે પોલીસ સ્ટેશને ગયા હતાં. મારા ભાઇ સોનુ પાસે પ્રતાપસિંહ વારંવાર પૈસા માંગતો હોઇ મારો ભાઇ તેને પૈસા આપતો ન હોઇ જેથી ખાર રાખી મારા પર છરીથી હુમલો કર્યો હતો. તેમ વધુમાં અનિકેતે જણાવતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકટર જીજ્ઞેશ દેસાઇના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. કે. જી. ઝાલાએ ફરિયાદ દાખલ કરી હતી.

# ઘોઘાવદરમાં હુમલામાં ઘાયલ શાપરના યુવાનનું મોતઃ બનાવ ખૂનમાં પલ્ટાયો

### ધરમની માનેલી બહેનની માથાકુટનું સમાધાન કરવા ગયો ત્યારે ચાર શખ્સોએ ધોકા-ધારીયાના ઘા માર્યા હતાંઃ રાજકોટમાં મોત

રાજકોટઃ હત્યાનો વધુ એક બનાવ બન્યો છે. જેમાં શાપર વેરાવળમાં શાંતિધામમાં રહેતાં રાજ ખીમાભાઇ પરમાર નામના પચ્ચીસ વર્ષના યુવાન પર પાંચ દિવસ પહેલા ગોંડલ તાબેના ઘોઘાવદરમાં હીચકારો હુમલો થયો હતો. તેનું સારવાર દરમિયાન મોત થતાં બનાવ હત્યામાં પરિણમતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

વિગતો પર નજર કરીએતો શાપર વેરાવળના શાંતિધામમાં રહેતો રાજ ખીમાભાઇ પરમાર નામના યુવાન પર ગત અગિયારમી માર્ચના રોજ ગોંડલના ઘોઘાવદર ગામે ધોકા, કુહાડી, છરીથી હુમલો થતાં ગંભીર ઇજા થતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો.

અહિ આજે તેનું મોત નિપજતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. આરોપીઓ ન પકડાય ત્યાં સુધી મૃતદેહ નહિ સંભાળવા પરિવારજનોએ નિર્ણય કર્યો હતો. હત્યાનો ભોગ બનનાર રાજ ચાર ભાઇ અને બે બહેનમાં ત્રીજો હતો. સંતાનમાં ચાર મહિનાની દિકરી છે. પોતે છુટક મજૂરી કામ કરતો હતો. સગાના કહેવા મુજબ રાજ પરમારની ધરમની માનેલી બહેન ઘોઘાવદર રહે છે. તેને ૧૧મીએ માથાકુટ થઇ હોઇ પોતે સમાધાન કરવા ગયો ત્યારે અપ્પુ, મિહીર, તેના બે મિત્રોએ હુમલો કર્યો હતો. સારવારમાં રાજે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

# ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં ઉદ્યોગ શરૂ કરવો પડકારજનક : દેવ પંડ્યા

### આત્મીય યુનિવર્સિટીમાં ફાર્મા સ્ટુડન્ટથી ઉદ્યમી બનવા સુધીની યાત્રા, મુખ્ય પગલાં અને પડકારો વિષય પર યોજાયું સત્ર



રાજકોટ મિરર, તા.૧૫

આત્મીય યુનિવર્સિટીના ફાર્માસ્યુટિકલ સાયન્સીસ વિભાગ અને ફેકલ્ટી ઓફ હેલ્થ સાયન્સીસ દ્વારા ફાર્મા સ્ટુડન્ટથી ઉદ્યમી બનવા સુધીની યાત્રા, મુખ્ય પગલાં અને પડકારો વિષયક એલુંમીનાઈ ટોકનું આયોજન કરાયું હતું. આ વિશિષ્ટ સત્ર માટે દેવ પંડ્યા (ડિરેક્ટર, દાદાજી લાઇફસાયન્સ પ્રા. લિ.) મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા.

દેવ પંડ્યાએ પોતાના વ્યવસાયિક સફરના અનુભવોથી હાજર વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક માહિતી આપી. ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં ઉદ્યોગ શરૂ કરવો કેટલો પડકારજનક છે, તે અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે, ઉદ્યોગસાહસિક બનવા માટે માત્ર ટેક્નિકલ નોલેજ પૂરતું નથી, પણ સહનશીલતા, દ્રઢ સંકલ્પ અને યોગ્ય માર્ગદર્શન પણ જરૂરી છે. આ યાત્રામાં તેમના પિતા અને પરિવારનું મહત્વપૂર્ણ માર્ગદર્શન મળ્યું, જેનાથી તેમને સફળતા મેળવી. આ કાર્યક્રમના સફળ આયોજનમાં ફાર્માસ્યુટિકલ સાયન્સીસ વિભાગના અદયક્ષ ફાલ્ગુનભાઈ, ડો. મિતલ મનવર મેડમ (કોઓર્ડિનેટર) અને ડો. સમિક્ષા પટેલ તેમજ રચના જોશી (કો-કોઓર્ડિનેટર) નો મહત્ત્વનો ફાળો રહ્યો હતો. વિદ્યાર્થીઓ માટે આ સત્ર અત્યંત ઉપયોગી સાબિત થયું, જેમાં ઉદ્યોગસાહસિક બનવા માટે જરૂરી ચડતર-ઉતાર અને તકનીકી પાસાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

# કુપોષણની વ્યાખ્યા કોણ બદલાવશે ?

### ખોરાક સ્વાસ્થ્યને બગાડે તો તે કુપોષણ કહેવાય, બાકી રીપોર્ટ તો કુ-પોષણ કે અ-પોષણના આવે છે : લોધીકાના જાગૃત નાગરિક બાબુભાઈ સખીયાનો સવાલ



રાજકોટ મિરર, તા.૧૫


કુપોષણની વ્યાખ્યા કે સમજણ બદલવાની જરૂર હોવાનું લોધીકાના જાગૃત નાગરિક બાબુભાઈ સી. સખીયાએ મંતવ્ય રજુ કર્યું છે. તેઓ કહે છે કે, તાજેતરમાં સમાચાર મુજબ ભારતમાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા ઘણી મોટી છે. આબાબતે ઘણું સંશોધન કરવાનું રહે છે, કારણ કે કુપોષણ એટલે ખરાબ પોષણ. ખરેખર જે રીપોર્ટ આવે છે તે અલ્પ પોષણ કે અપોષણના આવે છે. બાળકની અમુક ઉંમરે તેનું વજન માપીને તે મુજબ તે આવા કુપોષણનો ભોગ બનેલ છે કે કેમ તે સરકારને જણાવવામાં આવે છે.

આમાં પાયાની સમજણમાં ફેર છે. ખરેખર તો જે ખોરાક સ્વાસ્થ્યને બગાડતો હોય તે કુપોષણ કહેવાય. બજારમાં જે જંક ફૂડ મળે છે તેમાં મોટા ભાગે આવો ખોરાક હોય છે. મોટા ભાગના વર્તમાનપત્રોમાં આજે આરોગ્ય અંગેના વિભાગમાં આની ટીકા કરવામાં આવે છે. આવા પાણીપૂરીના ખોરાકથી માણસોના આરોગ્ય ઉપર ઘણી ખરાબ અસરો પડે છે, અને જેમ વધુ વજનવાળું શરીર તેમ વધુ નબળું શરીર તેમ ગણવામાં આવે છે. આની સામેં સરકારી માન્યતા ઓછા વજનને નબળું શરીર ગણવાની છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ જણાવેલ છે કે વધુ વજન ધરાવતા માણસો કરતા ઓછા વજનવાળા માણસો ઓછા બિમાર પડે છે. આથી ખરેખર તો વધુ વજન ધરાવતા બધા લોકોને આવા કુપોષણથી પીડાતા ગણવા જોઇએ.

આજે જે લોકોના શરીર પાતળા છે તેઓ ખેતરમાં કે ગમે ત્યાં વધુ શારિરીક શ્રમ કરી શકે છે તેની સામે ભારેખમ શરીરના લોકો બિલકુલ ઓછું કામ કરી શકે છે.તો કુપોષણવાળા કોને ગણવા ? આજે વધુ ખોરાક ખવડાવીને માંદા પાડવામાં રસ ધરાવતો મોટો વર્ગ છે. અને માતા પિતા ને આનુવંશિક રીતે ઉતરી આવેલ જાડાઇ કે પાતળાપણું ખોરાકથી ન બદલી શકે. ઘીમાં ડૂબાડી રાખો તો પણ જેનું કાઠું પાતળું છે, તે જાડા ન જ થાય તે હકીકત છે. પણ આ માન્યતામાં ફેરફાર કરવાનું કોણ સૂચન કરે ? ખરેખર તો અખબારી માધ્યમોએ આ અંગે જાગૃતિ ફેલાવવી જોઈએ તેવું બાબુભાઈ સખીયનું કહેવું છે.

# રોજુ રાખ્યું હોય છતાં રંગ ઉડાડી માથે જતાં મારકુટઃ રામનાથપરામાં બઘડાટીઃ ત્રણ પકડાયા

### મોઇનને ત્રણ શખ્સોએ અટકાવી તમારે રોજ રોજુ હોય કહી ડખ્ખો કર્યાની ફરિયાદ



રાજકોટઃ ધુળેટીના પર્વ પર રંગ ઉડાડવા મામલે રામનાથપરામાં મારામારી થઇ હતી. જેમાં રોજુ રાખનારા યુવાને પોતાના પર રંગ ન ઉડાડવા કહેતાં ત્રણ શખ્સોએ તમારે તો રોજ રોજા હોય કહી પરાણે રંગ ઉડાડી માથે જતાં મારકુટ કરતારં ફરિયાદ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો રામનાથપરા ગરૂડ ગરબી ચોકમાં જુમ્મા મસ્જીદ રોડ પર રહેતો અને નોનવેજની હોટલ ચલાવી ગુજરાન ચલાવતાં વીસ વર્ષના મોઇન આસીફભાઇ બેલીમની ફરિયાદ પરથી રામનાથપરા-૧૮માં રહેતાં રૂત્વીક મહેશભાઇ ગમારા, હાર્દિક અને અજાણ્યા સામે ગુનો નોંધી સકંજામાં લેવાયા છે. મોઇને ફરિયાદમાં જણાવ્યું છે કે ૧૪મીએ બપોરે ત્રણેક વાગ્યે હું મોટરસાઇકલ લઇ મારા ફઇ પરવીનબેનના ઘરે મારા પિતાનું ટિફીન આપવો જતો હતો ત્યારે શેરી નં. ૧૮ના ખુણે રૂત્વીક, હાર્દિક કલર ઉડાડતાં હોઇ હું ત્યાંથી નીકળતાં આ ત્રણેય મારી પાસે આવ્યા હતાં અને રંગ ઉડાડ્યો હતો. મેં રોજુ રાખ્યું હોઇ મને કલર ન ઉડાડો તેમ કહેવા છતાં આ લોકોએ રંગ ઉડાડી ઢકાપાટુનો માર માર્યો હતો. મેજ હાથમાં પહરેલા કડાથી માર મારી લોખંડના થાંભલામાં માથુ ભટકાવ્યું હતું.

તેમજ માર મારતી વખતે પણ આ લોકોએ તમારે કાયમ રોજુ હતો, અહિથી હવે નીકળતો નહિ કરી મારકુટ કરી હતી. બાદમાં મને ચક્કર આવતાં સારવાર લીધી હતી. તેમ વધુમાં મોઇને કહેતાં એ-ડિવીઝનના આસી. સબ ઇન્સ. આર. જી. ચૌહાણે એફઆઇઆર દાખલ કરી આરોપીઓની ધરપકડ કરી હતી.

# કેટરસના ધંધાર્થીના ઘરેથી બે સરદાર રૂ.૬૦લાખના દાગીના ઉસેડી ગયા

### ડુપ્લીકેટ ચાવી તો બનાવી ગયા પણ હાથ પણ મારતા ગયા

રાજકોટ મિરર તા. ૧૫

શહેરના જુના મોરબી રોડ પર રહેતા પ્રૌઢના ઘરેથી બે સરદાર ભાઈઓ રૂપિયા ૬.૬૦ લાખના દાગીના ચોરી જતા બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો દાખલ થતા પોલીસે બે સરદારભાઈઓની શોધખોળ આદરી છે.

રાજકોટના જુના મોરબી રોડ ગીરીરાજ પાર્ટી પ્લોટ પાસે ખોડીયાર પાર્ક નંબર ૨ માં રહેતા રમેશભાઈ તુલસીભાઈ સીતાપરા જણાવ્યું હતું કે તેઓ મહાકાળી કેટરિંગ ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. તા. ૫/૩/૨૦૨૫ના રોજ સાંજે ૫ વાગ્યા આસપાસ તે અને તેમના પત્ની સાથે ઘરે હતા ત્યારે તેમની બાજુમાં રહેતા મગનભાઈના ઘરે ચાવી બનાવવા વાળા બે સરદાર ભાઈઓ આવ્યા હતા.

મગનભાઈ ના ઘરેથી ચાવી બનાવી બહાર નીકળતા તેઓએ તેના ઘરની ચાવી બનાવવા માટે કહેતા તેઓ ચાવી બનાવવા માટે આવ્યા હતા અને ઘરની બહારના મુખ્ય દરવાજાના ડુબલીકેટ ચાવી બનાવેલ હતી અને ત્યારબાદ ઘરના કબાટ ડુબલીકેટ ચાવી બનાવવાનું કહેતા બે સરદાર ભાઈઓએ કબાટની ચાવી બનાવતી વખતે તેઓએ કબાટમાં રહેલ તિજોરીની ડુબલીકેટ ચાવી બનાવી દેવાનું કહેતા કબાટમાં તીજોરીની ચાવી બે સરદાર ભાઈઓને આપી હતી.

ત્યારબાદ તેઓ કબાટ તિજોરીની ડુબલીકેટ ચાવી બનાવવા લાગ્યા હતા તે દરમિયાન તેઓ અવારનવાર કબાટ તથા તેમાં રહેલ તિજોરી ખોલ બંધ કરતા હતા. ત્યાર બાદ સરદાર ભાઈઓએ કબાટ તથા તિજોરીની ડુબલીકેટ ચાવી બનાવતા હતા ત્યારે અસલ ચાવી તેઓએ બગાડી નાખેલ હતી. અને જણાવ્યું હતું કે સાંજ પડી ગઈ છે કાલે સવારે ૯ વાગ્યા આસપાસ કબાટ તથા તિજોરીની ડુબલીકેટ ચાવી બનાવી આપીશું તેની જાણ કરી હતી. તેવો ૬ વાગ્યા આસપાસ સુધી રહ્યા હતા

અને બીજે દિવસે સવારે ૯ વાગ્યા બાદ સરદાર ભાઈઓની રાહ જોતા હતા પરંતુ બાર વાગ્યા સુધી તેઓ આવ્યા ન હતા જેની શંકા જતા. તે અને તેના દીકરા આનંદે બંને મળી કબાટ તથા તિજોરીના તાળું તોડી ચેક કરતા તિજોરીમાં રાખેલ એક સોનાનો સેટ ૨૬.૨૦૦ ગ્રામ, એક જોડી સોનાના પાટલા ૨૭.૮૯૦ ગ્રામ, બે સોનાની વીંટી જેમાંથી એક વીટી ૩.૮૬૦ અને બીજી વીટી ૩.૪૨૦ ગ્રામની સોનાનો ચેન ૧૦.૩૬૦ ગ્રામ, સોનાની કાનની સર ૮૩.૪૨૦ ગ્રામ સોનાના ઘરેણા જોવા મળ્યા ન હતા. તેથી જણાવ્યું હતું કે અજાણ્યા સરદાર ભાઈઓ જેમને જોયે ઓળખી શકે છે તેમના નામ સરનામાની ખબર નથી તેઓ ડુબલીકેટ ચાવી બનાવવાના બહાને કબાટ તથા તિજોરીની અસલ ચાવી મેળવી ડુબલીકેટ ચાવી બનાવવાના બહાને નજર ચૂકવી તિજોરીમાં રાખેલ અલગ-અલગ ઘરેણા રૂપિયા ૮૩.૪૨૦ ગ્રામ તેની કિંમત ૬,૬૦,૭૦૦ રૂપિયા ઘરેણા ઉસેડી ગયા હતા. આ ઘરેણા તા. ૧૦/૨/૨૦૨૪ ના રોજ બનાવ્યા હતા તેના બીલની નકલ આજે પણ રજૂ છે. અને તે ઘરેણા બે સરદાર ભાઈઓ ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ થતાં પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

# રાજકોટના લોઠડા ગામે તળાવમાં ન્હાવા જતાં ત્રણ મિત્રો ડુબ્યાઃ એકનું મોત

### અઢાર વર્ષના દિકરાન મોતથી ગંજીવાડાના પરિવારમાં શોકની કાલીમા



રાજકોટઃ ગરમીમાં ન્હાવા માટે તળાવમાં કુદેલા ત્રણમાંથી એક મિત્રનું મોત થયું હતું. ત્રંબા નજીક આવેલા લોઠડા ગામે તળાવમાં ન્હાવા પડેલા રાજકોટના ત્રણ મિત્રોમાંથી એકનું ડુબી જતાં મોત થયું હતું.

ગંજીવાડામાં રહેતો અર્જુન લાલજીભાઇ મકવાણા (ઉ.વ.૧૮) બે મિત્રો સાથે ન્હાવા પડ્યો ત્યારે તે ડુબી ગયો હતો અને મિત્રો બચી ગયા હતાં. ત્રણેય ડુબવા માંડતા લોકોએ બેને ખેંચી લીધા હતાં. એકનો ફાયર બ્રિગેડે મૃતદેહ બહાર કાઢી આજીડેમ પોલીસને જાણ કરતાં હેડકોન્સ. હરસુરભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી.

# કોંગ્રેસના ચારેય આગેવાનોએ બીનશરતી માંગી માફી

### માનહાની કેસ પરત ખેંચી લેવા પુરશીષ રજૂ કરતા નીતિન ભારદ્વાજ

રાજકોટ, તા.૧૫

અલગ અલગ અખબારી અહેવાલોમાં વિરોધ પક્ષના નેતાના કાર્યાલયમાંથી આરોપી વિરોધપક્ષના નેતા કોંગ્રેસના આગેવાન સુખરામભાઈ રાઠવા, વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષભાઈ પરમાર, વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના દંડક સી.જે.ચાવડા તેમજ વિરોધપક્ષના નેતાના અંગત મદદનીશ દ્વારા પ્રેસનોટ પ્રસારીત કરી સહારા કંપનીની જમીનમાં ઝોન ફેર કરીને રૂપીયા ૫૦૦ કરોડથી વધુ રકમનું કૌભાંડ આચર્યા હોવાના ખોટા આક્ષેપો ફરીયાદી નીતીનભાઈ વિરૂધ્ધ કરેલ હતા. જેના અનુસંધાને ફરીયાદી નીતીનેભાઈએ ઉપરોકત તમામ વ્યકિતઓને લીગલ નોટીસ મોકલી ખોટા આક્ષેપો કરવા બદલ અને જૂઠાણું ફેલાવા બદલ માફી માંગવા



જણાવેલ હતું. જે લીગલ નોટીસનો કોઈ જવાબ ન આવતા ચારેય કોગ્રેસના આગેવાનો વિરૂધ્ધ ફરીયાદી નીતીનભાઈએ રાજકોટની કોર્ટમાં બદનક્ષી અંગેની ફોજદારી ફરીયાદ દાખલ કરેલ હતી.

સાથે ફરીવાદી નીતીનભાઈએ પોતાની ફરીયાદમાં જણાવ્યું હતુ કે, આરોપીઓ દ્વારા અલગ અલગ વર્તમાનપત્રોમાં તેઓની ગરીમા, પ્રતિષ્ઠા અને આબરૂને નુકશાન પહોંચાડવાના બદઈરાદે કોઈપણ જાતના આધારપુરાવાઓ વિના આરોપીઓ દ્વારા કરાયેલ માનહાનીના કેસમાં અંતે પ્રદેશ કોંગ્રેસના તમામે બિનશરતી માફી માંગી લેતા, ભાજપના પ્રદેશ અગ્રણી નીતીભાઈ ભારદ્વાજે કેસ પરત ખેંચી લેવા પુરશીષ રજૂ કરી મામલો થાળે પાડી દીધો છે.

## રાજકોટમાં વધુ એક વખત ગોઝારી આગઃ દોઢસો રીંગ રોડના એટલાન્ટીસ એપાર્ટમેન્ટમાં કરૂણ ઘટનાઃ ફૂડ અને એલ્યુમિનીયમ ફોઇલ ડિલીવર કરવા આવેલા બે અલગ અલગ કંપનીના યુવાન અને એકનો ભત્રીજો હોમાઇ ગયા

### ‘રંગોના પર્વે’ બેરંગ ઘટના

# આગે ત્રણ યુવાનની ‘જિંદગી ઓલવી’

**મૃતકોમાં બ્લીંકીટનો ડિલીવરીબોય કલ્પેશ લેવા અને તેનો કોલેજીયન ભત્રીજો મયુર લેવા મુળ ઉનાના પસવાડાના વતની હતાંઃ ત્રીજો મૃતક વિરસાવરકરનગરનો અજય મકવાણા સ્વીગીનો ડિલીવરીબોય હતોઃ આગ લાગી ત્યારે ત્રણેય આઠમા, દસમા માળેથી નીચે ઉતરતાં હતાં અને કાળ ભેટી ગયોઃ પંદર વર્ષની નેપાળી બાળાનો સ્હેજ દાઝી જવા સાથે બચાવ**

**શોર્ટ સરકિટથી આગ લાગ્યાનું તારણઃ મૃતક કલ્પેશના હજુ એક મહિના પહેલા જ લગ્ન થયા હતાંઃ બે ભાઇ, બે બહેનમાં નાનો હતોઃ મયુર રાજકોટ રહી કોલેજમાં ભણતો હતોઃ ત્રણ ભાઇમાં મોટો હતોઃ અજયના મોતથી પત્નિ, દિકરી, વૃધ્ધ માતા-પિતાનું કરૂણ આક્રંદઃ તેને પત્નિએ રજા રાખવાનું કહ્યું હતું પણ કાળ જાણે બોલાવતો હતો!**

રાજકોટઃ રંગીલા રાજકોટ શહેરમાં એક તરફ સૌ રાજકોટવાસીઓ રંગોના પર્વ ધુળેટીના રંગે રંગાઇ રહ્યા હતાં ત્યાં બીજી તરફ ગેમઝોનના ગોઝારા અગ્નિકાંડની યાદ અપાવી દે તેવી આગની ઘટના દોઢસો ફુટ રીંગ રોડ પર બની હતી. અહિ બીગ બાઝાર સામે આવેલા બાર માળના એટલાન્ટીસ બિલ્ડીંગના છઠ્ઠા માળે બે ફ્લેટ વચ્ચેની લોબીમાં શોર્ટ સરકિટને કારણે આગ ભભૂકી ઉઠતાં અને વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં આઠમા અને દસમા માળેથી નીચે ઉતરી રહેલા હાલ રાજકોટ રહેતાં મુળ ઉનાના પસવાડાના ડિલીવરીબોય યુવાન, તેનો ભત્રીજો અને અન્ય એક ફૂડ ડિલીવર કંપનીનો ડિલીવરીબોય યુવાન આગની લપેટમાં આવી જતાં અને ધૂમાડાને કારણે ગુંગળાઇ જતાં ત્રણેયના મોત નિપજતાં કલ્પાંત સર્જાયો હતો. જ્યારે ઘરકામ કરતી પંદર વર્ષની નેપાળી બાળા ભાભીને બોલાવવા આવી હોઇ તેને પણ ગુંગળામણ થતાં અને સ્હેજ દાઝી જતાં સારવાર માટે ખસેડાઇ હતી.

ગોઝારી એવી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ધુળેટીની સવારે મુજબ એકસો પચાસ ફુટ રીંગ રોડ પર બીગ બાઝાર સામે એટલાન્ટીસ બિલ્ડીંગના ડી-વીંગમાં છઠ્ઠા માળે આગ લાગ્યાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમો ચાર ફાયર ફાઇટર, હાઇડ્રોલીક પ્લેટફોર્મ સહિતની સાથે પહોંચી જઇ આગ બુઝાવી હતી. બે ફ્લેટની વચ્ચેની જગ્યામાંથી સંભવતઃ શોર્ટ સરકિટને કારણે ભભૂકેલી આગ બાદમાં બંને તરફના ફ્લેટ નં. ૫૦૪ અને ૫૦૪માં ફેલાઇ ગઇ હતી. ફાયર બ્રિગેડના પચાસથી વધુના સ્ટાફે ફ્લેટમાં હાજર ૩૫થી વધુ રહેવાસીઓને રેસ્કયુ કર્યા હતાં. પાંચ લોકો જેમાં બે બાળકો, મહિલાઓ દસમા માળે ફસાયા હોઇ તેને કાચ તોડી હાઇડ્રોલીક પ્લેટફોર્મની મદદથી રેસ્કયુ કરી બચાવી લેવાયા હતાં. જ્યારે પાંચ લોકોને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાં એકને નજીવી ગુંગળામણ હોઇ પ્રાથમિક સારવાર બાદ રજા અપાઇ હતી. જ્યારે નાના મવા સર્કલ પાસે રહેતી કવિતા શેરસીંગ દોરજી (ઉ.વ.૧૫) સ્હેજ હાથના ભાગે દાઝી ગઇ હોઇ અને ધૂમાડાથી ગુંગળામણ થઇ હોઇ સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. જ્યારે ત્રણને મૃત જાહેર કરાયા હતાં. જેમાં કલ્પેશ પીઠાભાઈ લેવા-ઠાકોર કોળી (ઉ.વ.૨૯, રહે. મુળ રામ મંદિર રોડ, પસવાડા ઉના તાલુકો ગીર સોમનાથ, હાલ રહે. હાલ હાઉસીંગ બોર્ડ ક્વાર્ટર નિલકંઠ મહાદેવ મંદિર પાસે કાલાવડ રોડ), તેનો કુટુંબી ભત્રીજો મયુર વિનુભાઈ લેવા (ઉ.વ.૧૯- રહે. મુળ પસવાડા તા. ઉના, હાલ રાજકોટ મવડી ગામમાં રૂમ રાખીને) તથા ત્રીજો મૃતક અજય ખીમજીભાઇ મકવાણા (ઉ.વ.૩૧- રહે.બ્લોક નં. ૩૦૪, વીરસાવરકર નગર આવાસ યોજના ક્વાર્ટર)નો સમાવેશ થયો હતો.

ત્રણ યુવાનને તબિબે મૃત જાહેર કર્યા હતાં. હોસ્પિટલ ચોકીના આસી. સબ ઈન્સ. રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, ધર્મેન્દ્રભાઈ, ભાવેશભાઇ સહિતે જાણ કરતાં માલવીયાનગરના પીએસઆઇ વી.આર. ઝાલા સહિતનાએ હોસ્પિટલે પહોંચી મૃતકોની ઓળખ મેળવવા કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, કલેકટર પ્રભવ જોષી, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ભરત બી. બસીયા, ક્રાઇમ બ્રાંચ પીઆઇ એમ.આર. ગોંડલીયા, માલવીયાનગર પીઆઇ જીજ્ઞેશ દેસાઇ, પ્ર.નગર પીઆઇ વી.આર. વસાવા, એસીપી રાધિકા ભારાઇ, એસીપી ટ્રાફિક જે. બી. ગઢવી, પીએસઆઇ, એએસઆઇ, રાઇટરો સહિતના હોસ્પિટલે પહોંચ્યા હતાં. તેઓ ઘટના સ્થળે પણ ગયા હતાં. ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ત્યારે ત્યાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, મ્યુ. કમિશનર તુષાર સુમેરા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, દંડક મનિષ રાડીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, કોર્પોરેટર અશ્વીન પાંભર, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરત બોઘરા, ફાયર ચેરમેન દિલીપભાઇ લુણાગરીયા સહિતના ત્યાં હાજર હતાં. ફાયર બ્રિગેડની ટીમોએ આગને કાબુમાં લઇ લીધી હતી પરંતુ આ આગ ત્રણ જિંદગીને ખતમ કરી ગઇ હતી.આ ઘટનાની વધુ માહિતી જોઇએ તો કલ્પેશ લેવા ઓનલાઇન ઓર્ડર ડિલીવર કરતી કંપની બ્લીંકીટમાં ડિલીવરીબોય એટલે કે રાઇડર તરીકે નોકરી કરતો હતો. તે બે ભાઇ અને બે બહેનમાં સૌથી નાનો અને પરિવારનો આધારસ્તંભ હતો. જ્યારે તેની સાથે મૃત્યુ પામનાર મયુર લેવા તેનો ભત્રીજો થતો હતો. મયુર રાજકોટ રહી કોલેજમાં અભ્યાસ કરતો હતો. તેને ધુળેટીની રજા હોઇ કાકા કલ્પેશ લેવા સાથે એટલાન્ટીસ બિલ્ડીંગમાં ડિલીવરી આપવા સાથે ગયો હતો. આ બંને સવારે ૧૦:૧૦ વાગ્યે બ્લીંકીટના સ્ટોર પરથી એલ્યુમિનિયમ ફોઇલ ૭૨ મીટર કિંમત રૂપિયા ૪૬૪ની લઈ ડિલિવરી માટે ગયા હતા. આ ઓર્ડર દસમા માળનો હતો. મયુર ત્રણ ભાઇમાં મોટો અને પરિવારનો આશાસ્પદ દિકરો હતો. જ્યારે ત્રીજો મૃતક અજય મકવાણા સ્વીગીમાં ડિલીવરીબોય તરીકે નોકરી કરતો હતો. તે બે ભાઇમાં નાનો હતો. સંતાનમાં બે વર્ષની દિકરી છે. તે આઠમા માળે ફૂડ ડિલીવર કરવા ગયો હતો અને આગનો ભોગ બન્યો હતો.

આમ કાકા-ભત્રીજા સહિત ત્રણના મોત થયા હતાં. જેમાં બે ડિલીવરીબોય હતાં. ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે આ ઘટના એટલાન્ટીસ બિલ્ડીંગના પાંચમા-છઠ્ઠા માળે બની હતી. જેમાં ફ્લેટ વચ્ચેની જગ્યામાં શોર્ટ સરકિટ થવાથી આગ ભભૂકી ઉઠ્યાનું તારણ છે. એફએસએલ અને પીજીવીસીએલની મદદથી તપાસ કરવામાં આવી હતી. છઠ્ઠા માળે ફ્લેટનું ફર્નિચર, પીઓપીનું કામ ચાલુ હતું પરંતુ ધુળેટીની રજા હોવાથી કોઇ કારીગર આવ્યા નહોતાં. આગ ભભૂકી અને ઉપરની તરફ આગળ વધી ત્યારે બે ડિલીવરીબોય સહિત ત્રણ નીચે ઉતરતી વખતે કદાચ આગમાં, ધુમાડામાં લપેટમાં આવી ગયા હતાં. આગ લાગી ત્યાં કોઇ કામ ચાલુ નહોતું તેવી વિગતો મળી છે. માલવીયાનગર પોલીસમાં આકસ્મિક મૃત્યુની નોંધ કરી આગળની તપાસ યથાવત રાખવામાં આવી છે. બનાવને પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતાં.

વધુ વિગત મુજબ એટલાન્ટીસ એપાર્ટમેન્ટમાં ભભૂકેલી આગમાં ઉનાના પસવાડાના કલ્પેશ પીઠાભાઇ લેવા અને તેના ભત્રીજા મયુર વીનુભાઇ લેવા ભડથું થઇ ગયા હતાં. આ બંને કાકા-ભત્રીજા હાલમાં રાજકોટ અલગ અલગ વિસ્તારમાં રહેતાં હતાં. કલ્પેશ લેવા બ્લીંકીટ કંપનીમાં રાઇડર -ડિલીવરીમેન તરીકે નોકરી કરતો હતો. તે બે ભાઇ અને બે બહેનમાં નાનો હતો અને પરિવારનો આધાર હતો. તેના પિતાનું નામ પીઠાભાઇ કરસનભાઇ લેવા છે જે ખેતી કરી ગુજરાન ચલાવે છે. માતાનું નામ સાજીબેન છે. કરૂણતા એ છે કે કલ્પેશના લગ્ન હજુ એક મહિના પહેલા જ તા. ૩/૨ના રોજ થયા હતાં. તેના પત્નિનું નામ જલ્પા છે. જેના હાથમાંથી હજુ તો સુહાગણની મહેંદી પણ સુકાઇ નથી ત્યાં તેણીનો ચુડી ચાંદલો નંદવાઇ જતાં કાળો કલ્પાંત સર્જાયો હતો. કલ્પેશ લેવા સાથે મૃત્યુ પામનાર તેનો ભત્રીજો મયુર ત્રણ ભાઇમાં મોટો હતો અને રાજકોટ રહી કોલેજમાં ભણતો હતો.

કલ્પેશના પિતાનું નામ વિનુભાઇ કાનાભાઇ લેવા છે અને માતાનું નામ શારદાબેન છે. ધુળેટીને દિવસે મયુર કાકા કલ્પેશને મળવા ગયો હતો. બાદમાં ડિલીવરીનો ઓર્ડર આવતાં મયુર પણ કાકા કલ્પેશ સાથે એથલેન્ટીસ બિલ્ડીંગમાં ઓર્ડર ડિલીવર કરવા ગયો હતો.

જ્યારે ત્રીજો મૃતક કાલાવડ રોડ વીર સાવરકરનગર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતો અજય ખીમજીભાઇ મકવાણા બે ભાઇમાં મોટો અને પરિવારનો આધાર સ્તંભ હતો. તેના માતા મંજુબેન અને પિતા ખીમજીભાઇ ઘંટેશ્વર પાસે રહે છે. પિતા માનસિક અસ્વસ્થ હોઇ માતા મંજુબેન પણ ઘરનું ગુજરાન ચલાવવા ખાનગી હોસ્પિટલમાં કપડા ધોવાની મજુરી કરવા જાય છે. અજય મકવાણા અગાઉ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતો હતો. દોઢેક મહિનાથી જ તે સ્વીગીમાં ફૂડ ડિલીવરીમેન-રાઇડર તરીકે નોકરીમાં રહ્યો હતો.

ધુળેટી હોઇ જેથી પત્નિ સોનલબેને તેને રજા રાખી લેવા કહ્યું હતું. પણ અજયને જાણે કાળ બોલાવતો હોય તેમ તે નોકરીએ ગયો હતો અને આગની લપેટમાં આવી ગયો હતો. તેના મોતથી બે વર્ષની દિકરી દિશા, પત્નિ સોનલ, માતા મંજુબેન, પિતા ખીમજીભાઇ સહિતના સ્વજનોના આક્રંદથી કલ્પાંત સર્જાયો હતો. ફાયર બ્રિગેડની ટીમે રેસ્કયુ કરીને પાંત્રીસેક લોકોને હેમખેમ બહાર કાઢી લીધા હતાં. આ બિલ્ડીંગમાં ખ્યાતનામ ઉદ્યોગપતિઓ, જવેલર્સ શો રૂમના માલિકો તેમના પરિવારો સાથે રહે છે. છઠ્ઠા માળે એક ફ્લેટનું ફર્નિચરનું કામ ચાલી રહ્યું છે, જો કે આ કામ ધુળેટીને કારણે કારીગરો આવ્યા ન હોઇ એક દિવસ પુરતુ બંધ હતું.

ત્યાં બહારના ભાગે જ શોર્ટ સરકિટથી આગ ભભુકી હતી બાદમાં નજીકમાં પીઓપીને લગતો, ફર્નિચરને લગતો સામાન કદાચ પડયો હોઇ તેના કારણે આગ વધી ગયાની શકયતા જણાવાઇ હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શનમાં માલવીયાનગર પોલીસની ટીમે વિશેષ તપાસ યથાવત રાખી છે. આ ઘટના ત્રણ પરિવારોના માળા વેરવિખેર કરી ગઇ છે.









## એટલાન્ટિસ આગ દુર્ઘટનામાં મૃતક પરિવારોને સહાય આપવા કલેકટરની દરખાસ્ત

### મુખ્યમંત્રી ફંડ માંથી ૪ લાખની સહાયની સરકારને કરાશે દરખાસ્ત : મૃતકોના માંગવામાં આવ્યા ડ્ખ રિપોર્ટ

રાજકોટ, તા. ૧૫

ધુળેટીના દિવસે એટલાન્ટિસ બિલ્ડીંગમાં જે આગ લાગી તેમાં ત્રણ યુવાનોના મોત નિપજ્યા હતા આ અંગે પરિવારમાં કાલીમાં છવાઈ ગઈ છે ત્યારે મૃતકોના પરિવારજનોને ચાર ચાર લાખની સહાય આપવામાં આવે તે માટેની દરખાસ્ત સરકારમાં જિલ્લા કલેકટર દ્વારા કરવામાં આવી હોવાનું હાલ સૂત્રો જણાવી રહ્યા છે. શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં ઘટેલી આગની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ત્રણે યુવાનોના પરિવારજનોને રૂ.૪-૪ લાખની સહાય મુખ્યમંત્રીના ફંડમાંથી આપવા માટે જિલ્લા કલેકટર તંત્ર દ્વારા પ્રયાસો શરૂ થયા છે. આ અંગે કલેકટર તંત્ર દ્વારા રાજય સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવશે. અહીં ઉલ્લેખનીય છે શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ એટલાન્ટિસ બિલ્ડીંગમાં ધુળેટીના દિવસે જ ઘટેલી આગની દુર્ઘટનામાં અજય ખીમજીભાઇ મકવાણા (સ્વીગી ડિલેવરીમેન), કલ્પેશ પીઠાભાઇ લેવા (બ્લીનકીટના ડીલેવરી બોય) તથા મયુર વિનુભાઇ લેવા નામના ત્રણ યુવાનો આગની લપેટમાં આવી જતા તેઓના મોત નિપજેલ હતા. આ ત્રણે મૃત્યુ પામેલા યુવાનોના પરિવારજનોને મુખ્યમંત્રીના ફંડમાંથી રૂ. ૪-૪ લાખની સહાય પૂરી પાડવા માટે કલેકટર તંત્ર દ્વારા આ ત્રણે મરનાર યુવાનોના પીએમ રીપોર્ટ મંગાવવામાં આવેલ છે. એવું જાણવા મળેલ છે કે સ્વીગી દ્વારા મૃતક અજયના પરિવારને પણ રૂ. ૧ લાખની સહાય કરવામાં આવી છે.

# ૧૦૦ કલાકમાં ગુંડા તત્વોની યાદી કરો તૈયાર : સહાય


## રાજ્યના પોલીસવડાનો આદેશ : પોલીસ કમિશનર, રેન્જના વડા, પોલીસ અધિક્ષક સાથે વિડિયો કોન્ફરન્સ યોજી લેવાયો નિર્ણય

**શરીર સંબંધી ગુનાઓ, ખંડણી, ધાકધમકી, મિલકત સામેના ગુનાઓ, દારૂ જુગારનો ગેરકાયદેસર વેપલો કરતા તત્વો, ખનીજ ચોરી જેવા ગુનાઓમાં સંકળાયેલા તત્વો તથા સામાન્ય લોકોમાં ભય ફેલાવનાર લોકોને યાદીમાં સમાવવા તાકીદ**

રાજકોટ, તા. ૧૫

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અસામાજીક ગુંડા તત્વો પર કડકમાં કડક કાર્યવાહી કરી તેમની પર સદંતર અંકુશ મેળવવાના ઉદ્દેશ સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશ હેઠળ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં આજે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશ્નર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી હતી. જેમાં આગામી ૧૦૦ કલાકની અંદર રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક ગુંડા તત્વોની યાદી તૈયાર કરવા કડક સુચના આપવામાં આવી છે.

રાજયમાં અસામાજીક ગુંડા તત્વો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે લેવાયેલા આ નિર્ણયનું તાત્કાલિક અમલીકરણ કરવા આદેશ કરવામાં આવ્યા છે. આ અસામાજિક તત્વોની યાદીમાં કેવા તત્વોનો સમાવેશ કરવો તે અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. વારંવાર શરીર સંબંધી ગુનાઓમાં સંકળાયેલા



વ્યક્તિઓ, ખંડણી ઉઘરાવવા, ધાક-ધમકી આપવાના ગુનાઓમાં સંડોવાયેલા વ્યક્તિઓ, મિલકત સામેના ગુનાઓ આચરનારા, પ્રોહિબિશન અને જુગારનો ગેરકાયદેસર ધંધો કરનારા તત્વો, ખનીજ ચોરી જેવા ગુનાઓમાં સંકળાયેલા તથા અન્ય અસામાજીક કૃત્યો દ્વારા જનતામાં ભય ફેલાવનારા તત્વોને આ યાદીમાં સમાવવા આદેશ કરાયા છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આ યાદી તૈયાર થયા બાદ સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંકલન કરી કેવા પ્રકારની કડક કાર્યવાહી કરવાની રહેશે તે અંગે પણ સ્પષ્ટતાપૂર્વક સૂચનાઓ આપી છે. જેમાં આ તત્વોએ ગેરકાયદેસર બાંધકામ કરેલું હોય તો તેવા બાંધકામને દૂર કરવા સ્થાનિક સંસ્થાઓ સાથે સંકલન કરી જરૂરી કાર્યવાહી કરવા, સરકારી જમીન ઉપર દબાણ કરેલુ હોય તો કાયદેસરની કાર્યવાહી કરવા, ગેરકાયદેસર વીજ કનેકશન ધ્યાને આવે તો ઞ્ઞ્ખ્ટગક સાથે સંકલનમાં રહી કાયદેસરની કાર્યવાહી કરવી, આવા તત્વોના બેન્ક એકાઉન્ટની ચકાસણી કરી નાણાકીય વ્યવહારમાં કોઇ ગેરકાયદેસરનું કૃત્ય જણાય આવે તો જરૂરી કાર્યવાહી કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે. તે ઉપરાંત આવા તત્વો સામે દાખલ થયેલા ગુનાઓમાં જામીન ઉપર છુટયા પછી અન્ય કોઇ ગેરકાયદેસર કૃત્યમાં પકડાયેલા હોય તો જામીન રદ કરવા જરૂરી કાર્યવાહી કરવા તેમજ પાસા અને તડીપાર જેવી અસરકારક જોગવાઇઓનો ઉપયોગ કરવા સહિત ભાડુઆત અંગેનું રજીસ્ટ્રેશન ન કર્યું હોય તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા સૂચનાઓ આપી છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ પોલીસ કમિશ્નર, રેન્જ વડા અને પોલીસ અધીક્ષક આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અને અંગત ધ્યાન આપી જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે.